

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
ગરવી ગુજરાત

Volume : 18
Issue : 048
Dt.: 29-10-2025,
Wednesday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


કેન્દ્ર સરકારે આઠમા પગાર પંચની રચના કરી દીધી

## કેન્દ્રીય મંત્રીમંડળે ૮મા કેન્દ્રીય પગાર પંચની સંદર્ભ શરતોને મંજૂરી આપી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

પીએમ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે ૮મા કેન્દ્રીય પગાર પંચની સંદર્ભ શરતોને મંજૂરી આપી છે. આ અંગે માહિતી આપતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે ૮મા કેન્દ્રીય પગાર પંચની રચના, સંદર્ભ શરતો અને સમયગાળો પ્રધાનમંત્રી દ્વારા મંજૂર કરવામાં આવ્યો છે. આ એક ખૂબ જ મહત્વપૂર્ણ નિર્ણય છે. કમિશનની ભલામણમાં સંરક્ષણ સેવાઓના કર્મચારીઓ સહિત લગભગ ૫૦ લાખ કેન્દ્રીય સરકારી કર્મચારીઓ અને લગભગ ૬૯ લાખ પેન્શનરોને આવરી લેવામાં આવશે.

પ્રધાનમંત્રી મોદીએ ૮મા કેન્દ્રીય પગાર પંચની સંદર્ભ શરતોને મંજૂરી આપી તેમ અશ્વિની વૈષ્ણવે જણાવ્યું. તેઓએ વધુમાં કહ્યું કે ૫૦ લાખ કેન્દ્રિય મંત્રીઓને આનાથી ફાયદો થશે. કેન્દ્રીય મંત્રીમંડળે ૮મા પગાર પંચની રચનાને મંજૂરી આપી દીધી છે. મંત્રીમંડળે જાન્યુઆરીમાં ૮મા પગાર પંચની રચનાને મંજૂરી આપી હતી. આજે મંત્રીમંડળે તેના સંદર્ભની શરતોને મંજૂરી આપી. આ પંચ ૧૮ મહિનાની અંદર પોતાનો અહેવાલ રજૂ કરશે. આનાથી અંદાજે ૫૦ લાખ કેન્દ્ર સરકારના કર્મચારીઓને લાભ થશે.

આ કમિશન આગામી ૧૮ મહિનાની અંદર સરકારને પોતાની ભલામણો સુપરત કરશે, ત્યારબાદ ૨૦૨૭ થી પગાર અને પેન્શન વધારો લાગુ કરી શકે છે. . કેબિનેટની બેઠક બાદ જાહેર કરાયેલી પ્રેસ નોટમાં જણાવાયું છે કે આઠમા પગાર પંચ માટે સંદર્ભની શરતોને મંજૂરી આપવામાં આવી છે. પગાર પંચમાં એક અધ્યક્ષ, એક સભ્ય (અંશકાલિક) અને એક સભ્ય સચિવનો સમાવેશ થશે. પગાર પંચની રચના પછી તેની ભલામણો રજૂ કરવા માટે તેને અઢાર મહિનાનો સમય આપવામાં આવ્યો છે. NC-JCM (સ્ટાફ સાઈડ) સચિવ શિવ ગોપાલ મિશ્રાએ જણાવ્યું હતું કે આઠમા પગાર પંચના અમલીકરણમાં વિલંબ થઈ શકે છે પરંતુ તે ૧ જાન્યુઆરી,૨૦૨૬ થી અમલી માનવામાં આવશે. આનો અર્થ એ છે કે જો વિલંબ થાય છે, તો ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી કર્મચારીઓમાં બાકી રકમ ઉમેરી શકાય છે. અગાઉ, જ્યારે સાતમું પગાર પંચ લાગુ કરવામાં આવ્યું હતું, ત્યારે વિલંબ થયો હતો, અને બધા કર્મચારીઓ અને પગારદાર કર્મચારીઓને બાકી રકમ ચૂકવવામાં આવતી હતી. કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોનું પ્રતિનિધિત્વ કરતા ફોરમ, NC-GCM એ જાન્યુઆરીમાં કેન્દ્ર સરકારને સંદર્ભની શરતો રજૂ કરી હતી. એ નોંધનીય છે કે વધતા જતા ફુગાવા અને અન્ય પરિબળોને ધ્યાનમાં રાખીને દર ૧૦ વર્ષે એક નવું પગાર પંચ રચવામાં આવે છે, જે કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગાર, ભથ્થાં અને અન્ય લાભોમાં સુધારો કરે છે. તે મુજબ, આઠમું પગાર પંચ ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી પ્રભાવિ માનવામાં આવશે. આ વર્ષે જાન્યુઆરીમાં આઠમું પગાર પંચની રચનાની જાહેરાત કરવામાં આવી હતી પરંતુ કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી મેળવવામાં લગભગ ૧૦ મહિના લાગ્યા હતા. આ વિલંબને કારણે સરકારી કર્મચારીઓ અને તેમના સંગઠનોમાં અસંતોષનો અવાજ ઉઠ્યો છે.

## કેન્યામાં વિમાન દુર્ઘટના, ૧૨ લોકોના જીવ ગયા હોવાની આશંકા



(સંપૂર્ણ સમાચાર સેવા)નૈરોબી

કેન્યામાં એક વિમાન દુર્ઘટના ઘટી છે, જેમાં ૧૨થી વધુ લોકોના મોતની આશંકા છે. કેન્યાના દરિયાકાંઠાના પ્રદેશ ક્વાલેમાં વિમાન દુર્ઘટના સર્જાઈ હતી. કેન્યાના અધિકારીઓએ અકસ્માત અંગે માહિતી જાહેર કરી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે વિમાન મસાઈ મારા નેશનલ રિઝર્વના એક લોકપ્રિય પર્યટન સ્થળ તરફ જતી વખતે ક્રેશ થયું હતું. આ અકસ્માત ડાયાની એરસ્ટ્રીપથી લગભગ ૪૦ કિલોમીટર દૂર ડુંગરાળ અને જંગલી વિસ્તારમાં થયો હતો. ક્વાલે કાઉન્ટી કમિશનર સ્ટીફન ઓરિન્ડે એસોસિએટેડ પ્રેસને જણાવ્યું હતું કે, દુર્ઘટના સ્થળ પર શોધ અને બચાવ કામગીરી ચાલી રહી છે, જેની વધુ વિગતો પછી જાહેર કરવામાં આવશે. કેન્યા સિવિલ એવિએશન ઓથોરિટીએ જણાવ્યું હતું કે વિમાનમાં ૧૨ લોકો સવાર હતા અને અધિકારીઓ પ્લેન ક્રેશના કારણની તપાસ કરી રહ્યા છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે વિમાન ટેકઓફ થયાના થોડીવાર પછી ક્રેશ થયું હતું અને આગના જ્વાળામાં લપેટાયું હતું. ઘટનાસ્થળે ખરાબ રીતે બળી ગયેલો કાટમાળ જ મળી આવ્યો હતો. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે તેઓએ જોરદાર વિસ્ફોટ સાંભળ્યો હતો અને ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે ખબર પડી કે, વિમાન ક્રેશ થયું છે, ઘટનાસ્થળે માત્ર કાટમાળ અને માનવ અવશેષો વિખેરાયા હતા.

મોમ્બાસા એર સફારી નામની એરલાઈન કંપનીએ જણાવ્યું હતું કે તે નાગરિક ઉડ્ડયન સત્તાધીશો સાથે સહયોગ કરી રહી છે અને અકસ્માત અંગેની નવીનતમ માહિતી ઓથોરિટી દ્વારા રજૂ કરશે. મસાઈ મારા રિઝર્વ રાષ્ટ્રીય અભ્યારણ્ય એક લોકપ્રિય પર્યટન સ્થળ છે અને તાંઝાનિયાના સેરેનગેટીમાંથી દરવર્ષે વાઈલ્ડ બીસ્ટનો પ્રવાસ યોજાય છે. કેન્યા એવિએશન ઓથોરિટીએ જણાવ્યું હતું કે અકસ્માતની તપાસ ચાલી રહી છે. જેમાં એન્જિન ફેઈલ થવાની, હવામાન અથવા પાઈલટની ભૂલ જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરાશે. ક્વાલે કાઉન્ટી કમિશનરે કહ્યું, આજે અમારા માટે ખૂબ જ દુઃખદ દિવસ છે. પરિવારોને શક્ય તમામ સહાય પૂરી પાડવામાં આવશે.

## દેશભરમાં નોંધાયેલા તમામ ડિજિટલ એરેસ્ટ કેસની તપાસ CBIને સોંપવા વિચારણા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશભરમાં ડિજિટલ એરેસ્ટના કિસ્સાઓમાં ચિંતાજનક વધારાના પગલે સુપ્રીમ કોર્ટે આવા તમામ કેસની તપાસ સીબીઆઈને સોંપવાની વિચારણા હાથ ધરી છે. દેશભરમાં ડિજિટલ એરેસ્ટના ગુના સંદર્ભે નોંધાયેલી એફઆઈઆરની વિગતો સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારો અન કેન્દ્ર શાસિત પ્રદેશો પાસે માગી છે. પોલીસ-સીબીઆઈ અધિકારી અથવા સરકારી અધિકારીના સ્વાંગમાં સામાન્ય નાગરિકો સાથે ઠગાઈ આચરનારા તત્ત્વોએ દેશભરમાં તરખાટ મચાવ્યો છે.

ઓડિયો અથવા વીડિયો કોલ મારફતે પીડિતને ડિજિટલ એરેસ્ટ કરીને જંગી નાણાં પડાવવાના કિસ્સા વધી રહ્યા છે.

જસ્ટિસ સૂર્યા કાંત અને જોયમલય બાગચીની બેન્ચે આ પ્રકારના કિસ્સાઓની ગંભીર નોંધ લઈ તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને ડિજિટલ એરેસ્ટ કેસ સંદર્ભે નોટિસ પાઠવી છે.

હરિયાણાના અંબાલા ખાતે કોર્ટના નકલી હુકમો બતાવી સિનિયર સિટિઝન દંપતિ સાથે રૂ.૧.૦૫ કરોડ પડાવી લેવાયા હતા. સુપ્રીમ કોર્ટે આ કેસની નોંધ લઈ તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને નોટિસ પાઠવી છે અને ૩ નવેમ્બર સુધીમાં જવાબ માગ્યો છે. જેમાં ડિજિટલ એરેસ્ટની એફઆઈઆ, તપાસની સ્થિતિ અને કાર્યવાહી અંગે અહેવાલ રજૂ કરવાના નિર્દેશ અપાયા છે. આ તમામ વિગતો સાથે રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશોએ સોગંદનામા સાથે વિગતવાર અહેવાલ રજૂ કરવાનો રહેશે. ત્યારબાદ સુપ્રીમ કોર્ટ દ્વારા સીબીઆઈને આવા તમામ કેસની તલસ્પર્શી તપાસ સોંપવાના આદેશ થઈ શકે છે.

## તૂર્કિયેમાં ૬.૧ તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ, ૫ KMની ઊંડાઈએ હતું કેન્દ્ર



(સંપૂર્ણ સમાચાર સેવા)પશ્ચિમી તૂર્કિય

પશ્ચિમી તૂર્કિયેમાં સોમવારે ૬.૧ તીવ્રતાનો ભૂકંપ આવ્યો, જેના કારણે ઓછામાં ઓછી ત્રણ ઈમારતો ધરાશાયી થઈ ગઈ હોવાની માહિતી અધિકારીઓએ આપી હતી.

અધિકારીઓએ એ પણ સ્પષ્ટ કર્યું કે પડી ગયેલી આ ઈમારતો અગાઉના ભૂકંપને લીધે પહેલેથી જ ક્ષતિગ્રસ્ત હતી. તેમજ આ ઘટનામાં તાત્કાલિક કોઈ જાનહાનિના સમાચાર નથી.

AFAD (આપત્તિ અને કટોકટી વ્યવસ્થાપન એજન્સી) દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આ ૬.૧ તીવ્રતાના ભૂકંપનું કેન્દ્ર બાલિકેસિર પ્રાંતના સિંદિરગી શહેરમાં જમીનથી ૫.૯૯ કિલોમીટરની ઊંડાઈએ હતું, જે સ્થાનિક સમય અનુસાર રાત્રે ૧૦ વાગ્યેને ૪૮ મિનિટે આવ્યો હતો. આ ભૂકંપના મુખ્ય આંચકા પછી અનેક આંચકા (આફ્ટરશોક્સ) પણ આવ્યા હતા, જે માત્ર ઈસ્તંબુલ જ નહીં, પરંતુ તેની આસપાસના બુર્સા, મનીસા અને ઈઝમિર જેવા પ્રાંતોમાં પણ અનુભવાયા હતા. ગૃહ મંત્રી અલી યેરલિકાયાએ માહિતી આપી હતી કે સિંદિરગીમાં ઓછામાં ઓછી ત્રણ ખાલી ઈમારતો અને બે માળની એક દુકાન ધરાશાયી થઈ છે. તેમણે જણાવ્યું કે આ ઈમારતો પણ અગાઉ આવેલા ભૂકંપમાં ક્ષતિગ્રસ્ત થઈ ચૂકી હતી. સરકારી અનાદોલુ એજન્સીને સિંદિરગીના જિલ્લા પ્રશાસક ડોગુકોન કોયુનકુએ જણાવ્યું કે, 'હાલમાં કોઈના મૃત્યુની જાણકારી મળી નથી, પરંતુ અમારું આકલન કાર્ય હજી પણ ચાલુ છે.' સિંદિરગીમાં ઓગસ્ટ મહિનામાં પણ ૬.૧ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના પરિણામે એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને ડઝનબંધ લોકો ઘાયલ થયા હતા. ત્યારથી, બાલિકેસિરની આસપાસના વિસ્તારમાં ઓછી તીવ્રતાવાળા આંચકા નિયમિતપણે આવતા રહ્યા છે. તૂર્કિયેની વાત કરીએ તો, ૨૦૨૩માં આવેલા ૭.૮ તીવ્રતાના વિનાશક ભૂકંપે ૫૩,૦૦૦થી વધુ લોકોનો ભોગ લીધો હતો. આ ભૂકંપના કારણે ૧૧ દક્ષિણી અને દક્ષિણ-પૂર્વીય પ્રાંતોમાં લાખો ઈમારતોનો નાશ થયો હતો અથવા તે ક્ષતિગ્રસ્ત થઈ હતી. આ ઉપરાંત, પડોશી દેશ સીરિયાના ઉત્તરીય ભાગોમાં પણ ૬,૦૦૦ લોકો માર્યા ગયા હતા.

## દેશવ્યાપી SIR મુદ્દે વિવાદ: DMK અને TMCનો ચૂંટણી પંચ પર ગંભીર આરોપ, ભાજપે કર્યો વળતો પ્રહાર

**રાજકીય પક્ષોએ ચૂંટણી પંચની આ જાહેરાત પર સવાલ ઉઠાવ્યા છે અને તમિલનાડુની શાસક DMKએ તો ચૂંટણી પંચની વિશ્વસનીયતા પર જ સવાલ ઉઠાવ્યા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

ચૂંટણી પંચે સોમવારે મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ના બીજા તબક્કાની જાહેરાત કરી હતી. આ તબક્કા હેઠળ દેશના ૧૨ રાજ્યોમાં SIR કરવામાં આવશે. જોકે, ચૂંટણી પંચના આ એલાનથી રાજકીય વિવાદ પણ શરૂ થઈ ગયો છે.

ઘણા રાજકીય પક્ષોએ ચૂંટણી પંચની આ જાહેરાત પર સવાલ ઉઠાવ્યા છે અને તમિલનાડુની શાસક DMKએ તો ચૂંટણી પંચની વિશ્વસનીયતા પર જ સવાલ ઉઠાવ્યા છે. DMKના પ્રવક્તા સર્વાનન અન્નાદુરઈએ સવાલ કર્યો કે, 'આસામમાં SIR કેમ કરવામાં નથી આવી રહ્યું? SIR પ્રક્રિયા ક્યારથી નાગરિકતા ચકાસણી પ્રક્રિયા બની ગઈ બિહારમાં ચૂંટણી પંચને કેટલા નકલી કે ગેરકાયદેસર મતદારો મળ્યા? એવા ઘણા સવાલો છે જેના જવાબ ચૂંટણી પંચે આપવાના છે.' DMKના પ્રવક્તાએ ૨૦૦૩ને કટઓફ વર્ષ રાખવા પર ઉઠાવ્યા અને પૂછ્યું કે, '૨૦૦૩ને જ કેમ આધાર બનાવવામાં આવ્યો. આનાથી કોને ફાયદો થશે? આ અંગે કોઈ સ્પષ્ટ દિશા-નિર્દેશ આપવામાં નથી આવ્યો.' DMKએ કહ્યું કે, 'અમે જોઈ રહ્યા છીએ કે ચૂંટણી પંચ ભાજપ સાથે મળીને કામ કરી રહ્યું છે અને વોટ ચોરીમાં સામેલ છે. ચૂંટણી પંચની વિશ્વસનીયતા હાલમાં સૌથી ઓછી છે.' પશ્ચિમ બંગાળમાં પણ SIR પ્રક્રિયા લાગુ કરવામાં આવશે. TMCએ આ અંગે કહ્યું કે, 'અમે પણ પારદર્શક મતદાર યાદીના પક્ષમાં છીએ. સમગ્ર પ્રક્રિયા લોકશાહી રીતે હાથ ધરવામાં આવશે, પરંતુ જો કાયદેસર મતદારોને હેરાન કરવામાં આવશે તો અમે તેનો વિરોધ કરીશું. રાજ્ય સરકાર રાજ્ય ધર્મ નિભાવશે. અમને આશા છે કે ચૂંટણી પંચ રાજકીય દબાણ હેઠળ એવું કંઈ નહીં કરશે જેનાથી અમારે તેનો વિરોધ કરવો પડે.'

બીજી તરફ પશ્ચિમ બંગાળ ભાજપે ટીએમસીના નિવેદનન પર નિશાન સાધ્યું. ભાજપ નેતા કેયા ઘોષે કહ્યું કે, ભાજપનું માનવું છે કે બંગાળમાં કોઈ નકલી કે ગેરકાયદેસર મતદાર ન હોવા જોઈએ. મમતા બેનર્જીની સરકાર SIRથી ડરે છે કારણ કે તેની વોટ બેંકમાં રોહિંગ્યા અને બાંગ્લાદેશી ઘૂસણખોરો સામેલ છે. ટીએમસીને ડર છે કે SIR મતદાર યાદીમાંથી ગેરકાયદેસર મતદારોના નામ નીકળી જશે. ભાજપ પ્રવક્તા શહઝાદ પૂનાવાલાએ કહ્યું કે, 'ચૂંટણીની ગરિમા જાળવી રાખવી અને મતદાર યાદીમાં સુધારો કરવો એ ચૂંટણી પંચની બંધારણીય ફરજ છે અને અમે SIRના બીજા તબક્કાનું સ્વાગત કરીએ છીએ. જોકે, I.N.D.I.A ગઠબંધન તેનો વિરોધ કરી રહ્યું છે, જોકે, તેણે પોતે મહારાષ્ટ્રમાં સ્થાનિક ચૂંટણીઓ પહેલાં SIRની માગણી કરી છે. તેઓ SIR પર નિશાન સાધીને પોતાના પરિવારોને બચાવવા માગે છે.' ભાજપના નેતા દિલીપ ઘોષે કહ્યું કે, 'વિપક્ષ દ્વારા રાષ્ટ્રીય હિતના દરેક કામનો વિરોધ કરવામાં આવે છે. SIR પ્રક્રિયામાં કોઈપણ સાચા મતદારના નામ નહીં નીકળશે પરંતુ ગેરકાયદેસર અને નકલી મતદારો પર રોક લાગશે. કોઈપણ બાંગ્લાદેશી ભારતીય મતદાર ન બની શકે. અમને આશા છે કે રાજ્ય સરકારો સહયોગ કરશે અને તેમની જવાબદારીઓ નિભાવશે.'

## દિલ્હી એરપોર્ટ પર એર ઈન્ડિયાની બસમાં આગ લાગી

**ઘટનાના સમયે બસમાં માત્ર ડ્રાઈવર જ હતો, જેને સમયસર બહાર કાઢી લેવામાં આવ્યો હતો: હાલમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

દિલ્હીમાં ઈન્દિરા ગાંધી એરપોર્ટ પર એર ઈન્ડિયાની SATS બસમાં આગ લાગવાની ઘટના ઘટી છે. આ ઘટના દરમિયાન બસમાં ડ્રાઈવર હાજર હતો. જોકે કોઈ પણ પ્રકારની નુકસાનીના સમાચાર સામે આવ્યા નથી.

દિલ્હી એરપોર્ટ પર આજે મોટી જાનહાનિ ટળતા રહી ગઈ.મળતી માહિતી મુજબ એર ઈન્ડિયાની બસમાં આગ લાગતા સમગ્ર એરપોર્ટ વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. સુરક્ષા સ્ટાફ આગ બુઝાવવાનો પ્રયાસ કરવામાં લાગી ગયો હતો. જાણવા મળ્યું છે કે બસમાં તે સમયે કોઈ મુસાફર સવાર નહોતા. સૂત્રોના જણાવ્યા મુજબ, ટર્મિનલ ૩ પર આ બનાવ મંગળવાર બપોરે આશરે ૧ વાગ્યે થયો હતો. ત્યારબાદ ઈંદિરા ગાંધી એરપોર્ટ પોલીસને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ સ્થળ પર ફાયર ટેન્ડર, સ્થાનિક પોલીસ, CISF અને અન્ય સંબંધિત એજન્સીઓ પહોંચી ગઈ હતી. જાણવા મળ્યું છે કે જ્યારે આગ લાગી ત્યારે SATS બસમાં કોઈ મુસાફર નહોતા.. આ એ જ બસ હોય છે જે મુસાફરોને ટર્મિનલથી ઝીરો ગ્રાઉન્ડ સુધી લઈ જાય છે. ત્યારબાદ મુસાફરો અહીંથી વિમાનમાં સવાર થાય છે.

ઘટનાના સમયે બસમાં માત્ર ડ્રાઈવર જ હતો, જેને સમયસર બહાર કાઢી લેવામાં આવ્યો હતો. હાલમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. આ ઘટનામાં કોઈને ઈજા પહોંચી નથી. આગ લાગવાના કારણની તપાસ માટે બસની તપાસ કરવામાં આવશે.


ગરવી ગુજરાત
ગુજરાતી
JioTV
CHENNAL NO.
3010
TATA PLAY
CHENNAL NO.
2111
Jio Air Fiber
Jio Tv +
Jio Fiber
Daily Hunt
ebaba Tv
Dish Plus
DTH live OTT
Rock TV
Airtel
Amezone Fire
Rocu Tv-US.UK
દેશ-દુનિયાના મહત્વપૂર્ણ સમાચારોની
માહિતી મેળવવા માટે આજે જ
ગરવી ગુજરાત ગુજરાતી ચેનલ નિહાળો

# તંત્રી લેખ......

## ઈંદોરની ઘટના ભારતની પ્રતિષ્ઠા માટે કલંકરૂપ

મહિલા ક્રિકેટ વિશ્વકપ સ્પર્ધા પરાકાષ્ટાએ પહોંચી છે. ભારતે સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે રમવાનું છે. આ સ્પર્ધા ટીમ ઈન્ડિયાનાં શાનદાર પ્રદર્શન અને બીજા કેટલાક શ્રેષ્ઠ દેખાવને લીધે યાદગાર બની છે, પરંતુ મેદાન બહારના બનાવે ભારતનાં આયોજનને અને દેશની કાયદો - વ્યવસ્થાની સ્થિતિને કલંક લગાડયું છે. ઓસ્ટ્રેલિયાની એક મહિલા ક્રિકેટર ઈંદોરમાં બીજી સાથીખેલાડી સાથે હોટેલની બહાર નીકળી અને કેફે તરફ જઈ રહી હતી, એ દરમ્યાન એક મોટરસાયકલ સવારે તેનો પીછો પકડયો... ક્રિકેટરને અણછાજતો સ્પર્શ કરીને નાસી છૂટયો. ભારતના મહેમાન બનીને આવેલી આંતરરાષ્ટ્રીય ક્રિકેટર સાથેનો દુર્વ્યવહાર નિંદનીય છે. પાછો તે એવાં શહેરમાં બન્યો, જે સ્વચ્છતા માટે ભારતમાં નામના ધરાવે છે. ઈંદોરમાં કાયદો - વ્યવસ્થાનો સારો માહોલ છે તેમ છતાં એક મવાલીની કરતૂતને લીધે વ્યાપક ટીકા ખમવી પડી છે. અધૂરાંમાં પૂરું, પોલીસવડાએ બદમાશને પકડવામાં દોઢ દિવસનો સમય લઈ લીધો તેમજ રાતે બીસીસીઆઈએ પણ આ કૃત્ય પર પ્રતિક્રિયા આપવામાં સમય લીધો. મધ્યપ્રદેશ ક્રિકેટ સંઘના અધિકારીઓના કહેવા મુજબ બન્ને કાંગારુ ખેલાડી સુરક્ષા પ્રોટોકોલ તોડીને બહાર નીકળ્યા હતા. ઓસ્ટ્રેલિયન ટીમે તે વાત નકારી કાઢી છે. અહીં પ્રશ્ન એ છે કે પ્રોટોકોલ તોડયો હોય તોય મહિલાઓને ઈંદોરમાં રસ્તા પર બહાર નીકળવાની મનાઈ છે? મહિલાની સલામતીના કરાતા દાવા શું આટલા પોકળ છે? નિઃસંદેહ ઓસ્ટ્રેલિયન ટીમની સલામતી વ્યવસ્થામાં કચાશ ગંભીર બાબત છે. ખેલાડીઓની સુરક્ષમાં ચૂક ન જ રહેવી જોઈએ. આ મામલાને દેશમાં મોટાં આંતરરાષ્ટ્રીય આયોજનો કરવાના મુદ્દે નકારાત્મકતાથી જોવામાં આવી રહ્યો છે. અહીં એ નોંધનીય છે કે ભારત ૨૦૩૦માં ઘરઆંગણે રાષ્ટ્રીય રમતોત્સવનું આયોજન કરવા જઈ રહ્યો છે. એ પછી ૨૦૩૬માં ઓલિમ્પિકની યજમાની મેળવવાનોય દાવો થયો છે, ત્યારે આવી ઘટના દેશની છબીને નુકસાનકર્તા છે. ભારત એક તરફ દરેક પ્રકારના પ્રવાસનનું કેન્દ્ર બનતું જઈ રહ્યું છે. અહીંનું પ્રાકૃતિક સૌંદર્ય, હિમાલય પર્વતમાળા, સમુદ્રતટ ઉપરાંત અહીંની ધાર્મિક-સાંસ્કૃતિ પરંપરા,ધાર્મિક સ્થળોનું, પ્રાચીન સભ્યતાના ધામોનું વિદેશીઓમાં આકર્ષણ રહ્યું છે. કમનસીબે દેશમાં પર્યટકો જાતીય ઉત્પીડનના આશાન શિકાર બનતા રહ્યા છે. આ વર્ષે રાજસ્થાનમાં ફ્રાંસના પર્યટક સાથે દુર્વ્યવહાર થયો, કર્ણાટકમાં ઈઝરાયલી પર્યટકનું ઉત્પીડન કરવામાં આવ્યું. વિદેશી ખેલાડીઓનું સામાન્ય રીતે બહાર નીકળવું નિયંત્રિત હોય છે. તેમ છતાં ઈંદોરમાં જે બન્યું એ દર્શાવે છે કે, નરાધમ અસામાજિક તત્ત્વો લાગ મળે એટલે પોત પ્રકાશવા માટે ટાંપીને બેઠા હોય છે. આવતા મહિને કોમનવેલ્થ ફેડરેશનની બેઠકમાં અમદાવાદમાં ૨૦૩૦માં યોજાનારા રમતોત્સવ માટે મંજૂરીની મહોર લગાવાશે. આટલું વિશાળ આયોજન સુરક્ષિત રીતે પાર પાડવાનો હંમેશ પડકાર હોય છે. દુનિયાભરમાંથી આવનારી મહિલા ખેલાડીઓ અને બીજા રમતવીરોની ઉચ્ચ દરજ્જાની સલામતી તથા સગવડો ઉપલબ્ધ બનાવવી પડશે. ઈંદોરની ઘટના દેશના તમામ રાજ્યો માટે બોધપાઠ છે. તેનું પુનરાવર્તન નિવારવા માટે તકેદારી અને જાગૃતિ અનિવાર્ય છે. સમાજમાં નૈતિક મૂલ્યોનો હ્રાસ શા માટે વધી રહ્યો છે. એના ઉપર સમાજચિંતકોએ મંથન કરવાની જરૂર છે.

ખેડૂતોને થયેલી નુકસાનીનો રિપોર્ટ સત્વરે તૈયાર કરવા સૂચના આપતા રાજ્યમંત્રીશ્રી

# અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદના પગલે સર્જાયેલી સ્થિતિની સમીક્ષા કરતા રાજ્ય મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયા

### કમોસમી વરસાદની આગાહીને પગલે આગામી ત્રણ દિવસ જિલ્લા તંત્રને સતર્ક રહેવા માટે કલેક્ટરશ્રીની સૂચના




અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદના લીધે સર્જાયેલી સ્થિતિના પગલે રાજ્ય ઊર્જા મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી. જિલ્લા સેવાસદન ખાતે યોજાયેલી બેઠકમાં રાજયમંત્રીશ્રીએ વિવિધ વિભાગો પાસેથી અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદ બાદ સર્જાયેલી સ્થિતિનો હકીકતલક્ષી અહેવાલ મેળવ્યો હતો. દિવસ દરમિયાન તેમણે જિલ્લાના વિવિધ તાલુકાઓમાં સ્થળ પર જઈ અને ખેતીલક્ષી હકિકતો પ્રાપ્ત કરી નુકસાનીનો તાગ મેળવ્યો હતો.

જિલ્લાના અધિકારીશ્રીઓને માર્ગદર્શન અને સૂચના આપતા તેમણે જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદના લીધે ખેતીને વ્યાપક નુકસાન થયું છે. મુખ્યમંત્રીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ વિવિધ જિલ્લાઓમાં મંત્રીશ્રીઓ રૂબરુ મુલાકાત લઈ રહ્યા છે. જિલ્લામાં ખેતી અને બાગાયતમાં થયેલી નુકસાનીનો અહેવાલ સત્વરે સોંપવામાં આવી રહ્યો છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, ખેડૂતો તરફથી તલાટીશ્રી સહિત કોઈપણ કર્મચારી કે અધિકારીશ્રીનો સંપર્ક કરવામાં આવે ત્યારે તેમને આ નુકસાની અને સર્વે સહિતની કામગીરી બાબતે યોગ્ય પ્રત્યુત્તર આપવામાં આવે. કુદરતના માર સામે જગતનો તાત બાથ ભીડી રહ્યો છે ત્યારે મોટુ મન રાખી તેમને યોગ્ય મદદ થાય તેના માટે સૌ સાથે મળી કૃષિકારોના કલ્યાણ અર્થે અહેવાલો તૈયાર કરવો જોઈએ. આ બેઠકમાં મંત્રીશ્રીએ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં વરસાદની સ્થિતિના લીધે કરવામાં આવેલા રેસ્ક્યુ બદલ જિલ્લા વહીવટીતંત્રને અભિનંદન પાઠવ્યા હતા. આ સાથે જ તેમણે જિલ્લાના જળાશયો પર કોઈ નહાવા ન જાય તેની તાકીદ રાખવા જણાવ્યું હતું. જિલ્લાના માર્ગો અને કોઝવેમાં કોઈ નુકસાની હોય તો સત્વરે તેનું સમારકામ કરવા માટે દિશાનિર્દેશ આપ્યા હતા.જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજે આ બેઠકમાં ઉપસ્થિત અધિકારીશ્રીઓ અને કર્મચારીઓને આગામી ૦૩ દિવસ દરમિયાન એલર્ટ રહેવા તેમજ હેડક્વાર્ટર ન છોડવા માટે સૂચના આપી હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ માર્ગ મકાન વિભાગ રાજ્ય, પંચાયત, પી.જી.વી.સી.એલ, સિંચાઈ રાજ્ય અને પંચાયત, ખેતીવાડી અને બાગાયત સહિતના વિભાગના અધિકારીશ્રીઓને કમોસમી વરસાદની સ્થિતિને પહોંચી વળવા જરૂરી દિશાનિર્દેશ આપ્યા હતા.

આ બેઠકમાં સાંસદશ્રી ભરતભાઈ સુતરીયા, સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા, લાઠી-બાબરાના ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવિયા, ધારી-બગસરા-ખાંભાના ધારાસભ્યશ્રી જે.વી.કાકડીયાએ પ્રવર્તમાન સ્થિતિ અંગે જરૂરી સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરીમલ પંડ્યા, નિવાસી અધિક કલેકટરશ્રી દિલિપસિંહ ગોહિલ, વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ, કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમોસમી વરસાદથી ઉભી થયેલી નુકસાનની પરિસ્થિતિ અંગે ખેતરમાં જઈ નિરીક્ષણ કર્યું

# ગીર સોમનાથના વરસાદથી અસરગ્રસ્ત ગામોની પ્રત્યક્ષ મુલાકાત લેતા વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા અને સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા





ગીર સોમનાથમાં વરસાદની સ્થિતિને અનુલક્ષીને વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા અને સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી ડૉ.પ્રદ્યુમનભાઈ વાજાએ વિવિધ ગ્રામ્ય વિસ્તારના ખેતરોની મુલાકાત લીધી હતી અને ખેડૂતો સાથે બેઠક યોજી નુકસાની અંગેનો ચિતાર મેળવ્યો હતો.

મંત્રીશ્રીઓએ તાત્કાલિક અસરથી જિલ્લામાં પહોંચીને જિલ્લાના સૂત્રાપાડા અને કોડિનાર તાલુકાના પણાદર, પીપળી, છારા, કડોદરા, આલીદર, ડોળાસા સહિતના ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોની પ્રત્યક્ષ મુલાકાત લઈ સ્થિતિનો તાગ મેળવ્યો હતો અને ખેડૂતો સાથે સંવાદ સાધી ખેતરમાં થયેલા નુકસાન અંગે વિગતવાર માહિતી મેળવી હતી. ગોઠણ સમર પાણીમાં કાદવ-કીચડ વચ્ચે પણ ખેતરમાં જઈ મંત્રીશ્રીઓએ પલળેલી મગફળી હાથમાં લઈ નીરિક્ષણ કરી વાતાવરણમાં આવેલા પલટાથી થયેલાં નુકસાનની પરિસ્થિતિ અંગેનો ચિતાર મેળવ્યો હતો. ખેડૂતોએ મંત્રીશ્રીઓ સમક્ષ ગીર સોમનાથ જિલ્લામાં મગફળીનું ઉત્પાદન, કમોસમી વરસાદને કારણે ઊભી થયેલી પરિસ્થિતિને અનુલક્ષી ઝડપથી સર્વે કરવા, આર્થિક સહાય આપવા તેમજ સત્વરે ખેડૂતલક્ષી પેકેજ જાહેર થાય તે માટેની રજૂઆતો કરી હતી. મંત્રીશ્રીઓએ ખેડૂતો વતી સરકારમાં રજૂઆત કરી અને અસરગ્રસ્ત ખેતીનો તાત્કાલિક ધોરણે સર્વે થાય એ દિશામાં કામગીરી કરવા માટે ખાતરી આપી હતી. આ મુલાકાત દરમિયાન સાંસદ શ્રી રાજેશભાઈ ચૂડાસમા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંજૂલાબહેન મૂછાર, ધારાસભ્ય સવશ્રી ભગવાનભાઈ બારડ, કાળુભાઈ રાઠોડ, કલેક્ટર શ્રી એન.વી.ઉપાધ્યાય, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્નેહલ ભાપકર, પૂર્વ સાંસદ શ્રી દીનુભાઈ સોલંકી, સંજયભાઈ પરમાર, શિવાભાઈ સોલંકી સહિતના અગ્રણીઓ, ખેતીવાડી, આત્મા પ્રોજેક્ટ, બાગાયત વિભાગના અધિકારીઓ, આગેવાનો અને ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતાં.

પોલીસ પેટ્રોલિંગ પર સવાલ અને જનતાની સુરક્ષા

# ડુમસ બીચ પર ફરી એકવાર લક્ઝુરિયસ કાર ફસાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના ડુમસ દરિયાકિનારે ફરી એકવાર લક્ઝુરિયસ કાર ફસાઈ જવાનો બનાવ સામે આવ્યો છે, જેના કારણે બીચ પરની સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો ઊભા થયા છે. આ ઘટનામાં એક મોંઘીદાટ કાર દરિયાના પાણીમાં ફસાઈ ગઈ હતી, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. નોંધનીય છે કે ડુમસ બીચ પર વાહન લઈને જવા પર પ્રતિબંધ હોવા છતાં કેટલાક બેદરકાર લોકો નિયમોનું ઉલ્લંઘન કરીને ગાડીઓ અંદર સુધી લઈ જાય છે. આ પ્રતિબંધિત વિસ્તારમાં કાર ફસાઈ જવાની આ પ્રકારની ઘટનાઓ નિયમિતપણે બનતી રહે છે, જે દર્શાવે છે કે નિયમોનું પાલન કરાવવામાં તંત્ર ક્યાંક ઉણું ઉતરી રહ્યું છે.પાણીમાં ફસાયેલી આ લક્ઝુરિયસ કારને બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. આખરે, ક્રેન બોલાવીને કારને દરિયાકિનારાના રેતાળ વિસ્તારમાંથી બહાર કાઢવામાં આવી હતી. આ સમગ્ર ઘટનાક્રમે સ્થળ પર હાજર લોકોનું ધ્યાન ખેંચ્યું હતું અને લોકોએ આ બેદરકારીભર્યા કૃત્યનો વીડિયો પણ બનાવ્યો હતો. બીજી તરફ, મામલો પોલીસના ધ્યાનમાં આવતા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસે વાહન પર પ્રતિબંધ હોવા છતાં ગાડી લઈને આવેલા માલિકને બોલાવીને તેની સામે કાયદાકીય કાર્યવાહી શરૂ કરી છે. આ ઘટનાને કારણે ડુમસ બીચ પર પોલીસ પેટ્રોલિંગની અસરકારકતા પર ગંભીર સવાલો ઉઠ્યા છે. જો બીચ પર વાહનબંધી હોય તો આટલી મોટી લક્ઝુરિયસ કાર પોલીસની નજર સામે કેવી રીતે દરિયાકિનારા સુધી પહોંચી શકે? આ પ્રકારના વાહનો દરિયાકિનારે હોવાથી ત્યાં આવતા અન્ય લોકો અને બાળકોની સુરક્ષા જોખમાય છે. વહીવટી તંત્ર અને પોલીસે આ ઘટનાને ગંભીરતાથી લઈને બીચ પરના નિયમોનું કડક અમલ થાય તે જોવું જરૂરી છે, જેથી ભવિષ્યમાં આવા બેજવાબદાર કૃત્યો પર રોક લગાવી શકાય અને જનતાની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે.

# ત્રિપુરાના ધારાસભ્યશ્રીઓ સહિત કુલ ૧૧ સભ્યોનું પ્રતિનિધિ મંડળ ગુજરાત વિધાનસભાની મુલાકાતે

### પ્રતિનિધિ મંડળને વિધાનસભા ખાતે લાઈબ્રેરી, NeVA સેવા કેન્દ્ર, ગૃહની બેઠક વ્યવસ્થા, ધારાસભ્યશ્રીઓને મળતી સુવિધાઓ જેવી વિવિધ કામગીરી અંગે કરાયા માહિતગાર



ત્રિપુરાના ચાર ધારાસભ્યશ્રીઓ સહિત કુલ ૧૧ સભ્યોનું પ્રતિનિધિ મંડળ આગામી તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી ગુજરાતના પ્રવાસે છે, જે અન્વયે આજે તેમણે ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભાની મુલાકાત કરી હતી. વિધાનસભા ખાતે ઉપસ્થિત અધિકારીશ્રીઓ દ્વારા ત્રિપુરાના ધારાસભ્ય સર્વે શ્રી સ્વપ્રા દેબબર્મા, શ્રી માનબ દેબબર્મા, શ્રી રામુ દાસ અને શ્રી નયન સરકાર સહિત કુલ ૧૧ સભ્યોને વિધાનસભા ખાતે ચાલતી વિવિધ કાર્યપદ્ધતિઓ વિશે વિસ્તૃતમાં સમજણ આપવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન ત્રિપુરાના ધારાસભ્ય શ્રી સ્વપ્રા દેબબર્મા ગુજરાત વિધાનસભા ખાતે અદ્યતન લાયબ્રેરીની સુવિધા સહિતના શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી પ્રભાવિત થયા હતા. તેમણે કહ્યું હતું કે, અત્રે મેળવેલા માર્ગદર્શન થકી ત્રિપુરા વિધાનસભા ખાતે લાઈબ્રેરીના અપગ્રેડેશન સહિત અન્ય જરૂરી સુધારાઓ કરવામાં આવશે. વિધાનસભા મુલાકાત દરમિયાન ઉપસ્થિત પ્રતિનિધિ મંડળને વિધાનસભા ખાતે કાર્યરત લાઈબ્રેરી, પેપરલેસ કામગીરીના ભાગરૂપે વિધાનસભામાં અમલી ફ્રીફછ સેવા કેન્દ્રની કામગીરી, મંત્રીશ્રીઓ-ધારાસભ્યશ્રીઓની બેઠક વ્યવસ્થા, પ્રેસ અને વીવીઆઈપી ગેલેરી તેમજ સામાન્ય નાગરિકો ગૃહની કામગીરી નિહાળી શકે તે માટેની વિવિધ બેઠક વ્યવસ્થા સહિતની વિવિધ સુવિધાઓ વિશે અધિકારીઓ દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિધાનસભાના સંયુક્ત સચિવ શ્રી રીટાબેન મહેતા, નાયબ સચિવ શ્રી દિનેશ ચૌધરી સહિત અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રિપુરાનું પ્રતિનિધિ મંડળ પાંચ દિવસ માટે ગુજરાતના પ્રવાસે પધાર્યુ છે. આ પ્રવાસ દરમિયાન તેઓ અમદાવાદ, ગાંધીનગર, સોમનાથ અને દ્વારકા સહિતના સ્થળોની મુલાકાત કરશે.

- જીગર બારોટ


# ટ્રાફિક ઈ-ચલણનો દંડ તમે ગુગલ-પે, ફોન-પે, ભીમ-પે અને યોનો એપ્લિકેશન દ્વારા પણ ભરી શકશો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રાજ્યમાં ટ્રાફિક નિયમ ભંગના કિસ્સાઓમાં વાહનચાલકોને ઈસ્યુ થયેલા ઈ-ચલણ પેટે દંડની રકમની ભરપાઈ કરવાની પ્રક્રિયા હવે વધુ સરળ બનાવવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં અને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના માર્ગદર્શનમાં ગુજરાત પોલીસના સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા ભારતીય સ્ટેટ બેંક (SBI) સાથે કરાયેલા MoU અંતર્ગત Bha®a Bill Payment System (BBPS) મારફતે વિવિધ ઓનલાઈન માધ્યમો દ્વારા દંડની રકમ ચૂકવવાની સુવિધા શરૂ કરવામાં આવી છે. રાજ્યમાં વર્ષ ૨૦૨૩થી "One Nation One Challan" એપ્લિકેશનના માધ્યમથી વાહનચાલકોને દંડની રકમ ઓનલાઈન ચૂકવવાની સુવિધા ઉપલબ્ધ હતી, જેમાં વાહન ચાલકો દંડની રકમ નેટ બેંકિંગ, ડેબિટ/ક્રેડિટ કાર્ડ, યુનિફાઇડ પેમેન્ટ ઈન્ટરફેસ (UPI) એમ-પરીવહનની સાઈડ ઉપરથી તથા PoS મારફત ભરી શકતા હતા. હવે આ સુવિધામાં વધારો કરીને BBPS પ્લેટફોર્મ એટલે કે, ગુગલ-પે, ફોન-પે, ભીમ-પે અને યોનો એપ્લિકેશન મારફત વાહન ચાલકો સીધે-સીધી દંડની રકમ ભરપાઈ કરી શકશે. તેના માટે એપ્લિકેશન પર જઈને સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ, ગુજરાત ઓપ્શન પસંદ કરીને પેમેન્ટ કરવાનું રહેશે. BBPS જેવી સુવિધાઓનો સમાવેશ કરવાથી વાહનચાલકોને ઓનલાઈન પેમેન્ટના વધુ વિકલ્પો પ્રાપ્ત થશે અને દંડની રકમ ભરપાઈની પ્રક્રિયા વધુ સુવિધાજનક બનશે. આ સુવિધા હેઠળ એકત્રિત થનાર નાણા ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા ઓનલાઈન ચુકવણી માટે સમયાંતરે જારી કરાયેલી માર્ગદર્શિકા અનુસાર દંડની રકમની ખરાઈ કર્યા બાદ સમાધાન રૂપે ટ્રાન્સફર કરવામાં આવશે. આથી રાજ્યમાં દંડની વસૂલી પ્રક્રિયામાં પારદર્શિતા અને કાર્યક્ષમતા બંને વધશે. આ પહેલથી રાજ્યમાં ટ્રાફિક નિયમોના અમલને વધુ સુવ્યવસ્થિત બનાવવામાં તથા વાહનચાલકોને સહેલાઈથી દંડની રકમ ભરવાની સુવિધા ઉપલબ્ધ થશે, જે "ડિજિટલ ગુજરાત"ના લક્ષ્ય તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે.

# કુમાર કાનાણીનો લેટરબોમ્બ ૨.૦ : ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ ડામવા કડક કાયદાની માંગ: પ્રમાણિક છો, ભણેલા છો, કડક કાયદો લાવો




પ્રતિનિધિ,ગાંધીનગર

સુરતના ધારાસભ્ય કુમાર કાનાણીએ ફરી એકવાર લેટરબોમ્બ ફોડીને જનતાના સ્વાસ્થ્ય સંબંધીત ગંભીર મુદ્દો ઉઠાવ્યો છે તેમણે નવનિયુકત આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાને પત્ર લખીને ખાદ્ય પદાર્થોમાં થતી બેફામ ભેળસેળ સામે સખત કાર્યવાહી કરવાની માંગ કરી છે. કાનાણીએ પોતાની રજુઆતમાં સ્પષ્ટપણે જણાવ્યુ છે કે છેલ્લા ઘણા સમયથી ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળને કારણે લોકોના સ્વાસ્થ્ય ની ચિંતા વધી છે.

ધારાસભ્ય કુમાર કાનાણીએ આક્રોશ વ્યકત કરતા કહ્યુ હતુ કે ભેળસેળીયા બેફામ છે, તેમને કંઈ થતુ નથી, જેના પરથી સ્પષ્ટ થાય છે કે હાલના કાયદાઓ અને કાર્યવાહી ભેળસેળનુ દુષણ અટકાવવામાં અસરકારક સાબિત થઈ રહ્યા નથી. ધારાસભ્ય કુમાર કાનાણીએ આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાને સંબોધતા કહ્યુ કે તમે પ્રમાણિક છો, ભણેલા છો, એટલે કડક કાયદો લાવો, આ શબ્દો દ્વારા તેમણે મંત્રીને તેમની પ્રમાણિકતા અને યોગ્યતાનો ઉપયોગ કરીને ભેળસેળ કરનારાઓ સામે દાખલો બેસાડતા કાયદા લાવવા વિનંતી કરી છે. તેમની મુખ્ય માંગ એ છે કે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનારાઓ અને વેચનારાઓ સામે માત્ર દંડ નહી પરંતુ કડકમાં કડક કાર્યવાહી થવી જોઈએ. જનતાના જીવન સાથે ચેડા કરનારા આવા તત્વોને તાત્કાલીક અસરથી રોકવા માટે મજબુત અને કડક કાયદા બનાવવાની જરૂરીયાત પર તેમણે ભાર મુકયો છે. કાનાણીના આ લેટરબોમ્બે રાજય સરકારનુ ધ્યાન ફરી એકવાર ગ્રાહકોના સ્વસ્થ્ય સુરક્ષાના મહત્વપૂર્ણ મુદ્દા તરફ દોર્યુ છે. ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ માત્ર ગેરકાયદેસર પ્રવૃત્તિ જ નથી પરંતુ તે લાંબા ગાળે ગંભીર બિમારીઓનુ કારણ બની શકે છે. ધારાસભ્યની રજુઆતથી સ્પષ્ટ થાય છે કે ભેળસેળ કરનારા તત્વોને કાયદાનો ડર નથી રહયો, હવે સરકાર માટે સમય પાકી ગયો છે કે તે ધારાસભ્યની માંગને ગંભીરતાથી લઈ, કડક કાયદાકીય માળખુ તૈયાર કરે અને ત્વરીત અસરથી ભેળસેળીયાઓ સામે અભિયાન ચલાવે જેથી સામાન્ય જનતાને શુધ્ધ અને સુરક્ષિત ખાદ્ય પદાર્થો મળી શકે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૨,૫૨૬ અને ચાંદીના વાયદામાં રૂ.૧,૯૦૬નો કડાકોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૭૬ લપસ્યો

**કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૩૨૩.૦૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૮૯૯૬૦.૨૩ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૪૨૯૪.૪૦ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૭૭૭૬ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૩૧૮૨૮૪.૦૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૩૨૩.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૮૯૯૬૦.૨૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૭૭૭૬ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૦૭૨ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૪૨૯૪.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૦૧૦૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૦૧૦૬ અને નીચામાં રૂ.૧૧૭૬૨૮ના મથાળે અથડાઈ, રૂ.૧૨૦૯૫૭ના આગલા બંધ સામે રૂ.૨૫૨૬ ઘટી રૂ.૧૧૮૪૩૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ઓક્ટોબર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૯૧૨ ઘટી રૂ.૯૫૪૫૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ ઓક્ટોબર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૩૦ ઘટી રૂ.૧૧૯૨૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૦૨ ઘટી રૂ.૧૧૭૫૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૧૧૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૧૧૫૦ અને નીચામાં રૂ.૧૧૭૧૯૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૦૨૬૭ના આગલા બંધ સામે રૂ.૨૧૪૧ ઘટી રૂ.૧૧૮૧૨૬ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૪૨૩૬૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૩૨૯૮ અને નીચામાં રૂ.૧૩૯૩૦૬ના મથાળે અથડાઈ, રૂ.૧૪૩૩૬૭ના આગલા બંધ સામે રૂ.૧૯૦૬ ઘટી રૂ.૧૪૧૪૬૧ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૨૦૪૨ ઘટી રૂ.૧૪૩૩૮૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૨૧૦૭ ઘટી રૂ.૧૪૩૪૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૮૨૭.૨૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ઓક્ટોબર વાયદો રૂ.૪.૪૫ ઘટી રૂ.૯૯૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ઓક્ટોબર વાયદો ૭૦ પૈસા ઘટી રૂ.૩૦૨.૪૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ઓક્ટોબર વાયદો રૂ.૧.૮૫ ઘટી રૂ.૨૬૪.૭ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ઓક્ટોબર વાયદો ૯૫ પૈસા ઘટી રૂ.૧૭૮.૫૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૨૪૧.૯૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓક્ટોબર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૨૭૦૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૭૧૪ અને નીચામાં રૂ.૨૬૮૫ના મથાળે અથડાઈ, રૂ.૨૧ ઘટી રૂ.૨૭૧૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૪૨૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૪૨૫ અને નીચામાં રૂ.૫૩૦૦ના મથાળે અથડાઈ, રૂ.૫૪૩૮ના આગલા બંધ સામે રૂ.૭૬ ઘટી રૂ.૫૩૬૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની નવેમ્બર વાયદો રૂ.૭૮ ઘટી રૂ.૫૩૬૨ થયો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૦.૯ ઘટી રૂ.૨૯૨.૮ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૧૦.૮ ઘટી રૂ.૨૯૨.૮ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૯૨૦.૮ના ભાવે ખૂલી, રૂ.૩.૨ વધી રૂ.૯૧૬.૮ થયો હતો. એલચી ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૨૬૦૭ના ભાવે ખૂલી, રૂ.૧૧ વધી રૂ.૨૭૦૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૫૮૫૫.૪૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૪૩૮.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૧૨૬૭.૨૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૮૭.૭૧ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૧.૨૫ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૫૧.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૦.૮૪ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૬૩.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૬૬૭.૬૮ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૬.૧૪ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૪ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૫૩૩૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૨૭૭૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૯૬૭૪ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૭૯૬૯૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૭૧૧૧ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૭૦૩૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૫૫૩૩૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૩૭૯૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૮૨૦ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૬૪૮૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૪૪૭૨ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૭૫૩૬ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૭૭૭૬ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૭૫૩૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૬૯ પોઈન્ટ ઘટી ૨૭૭૭૬ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૮.૫ ઘટી રૂ.૧૭૨.૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૭ ઘટી રૂ.૧૯.૮૫ના ભાવે બોલાયો હતો. સોનું ઓક્ટોબર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૯૦.૫ ઘટી રૂ.૮૩૯ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૦૩ ઘટી રૂ.૨૧૩ થયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૪૨ ઘટી રૂ.૨૮.૪ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪૭ પૈસા ઘટી રૂ.૫.૬ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૬.૩ વધી રૂ.૧૫૮.૬ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૬૫ વધી રૂ.૧૯.૮ થયો હતો. સોનું ઓક્ટોબર રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૫ વધી રૂ.૩૪૯.૫ થયો હતો. આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૩૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૪ ઘટી રૂ.૫૧ના ભાવે બોલાયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૩૭ વધી રૂ.૨૨.૮ થયો હતો.

---

**પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા શાળાઓને અનુક્રમે રૂ.૧ લાખ, ૭૫ હજાર અને ૫૦ હજારનું રોકડ ઈનામ**

## ‘પ્લાસ્ટિક મુક્ત ગામ’ થકી ક્લાઈમેન્ટ ચેન્જની અનોખી પહેલ શરૂ કરનાર રાજ્યની ત્રણ સરકારી પ્રાથમિક શાળાઓ : રાજ્યકક્ષાનો ‘ક્લાઈમેટ ચેન્જ એવોર્ડ્સ’ એનાયત

’કલાયમેટ ચેન્જ’ની વૈશ્વિક સમસ્યાના હકારાત્મક ઉકેલ માટે રાજ્યમાં જનભાગીદારીથી મહત્તમ વૃક્ષ ઉછેરવાની સાથે વિવિધ સ્વરૂપે ગ્રીન કવર- કવચ ઉભું કરવામાં આવ્યું છે. આ લક્ષ્યાંક સિદ્ધ કરવા વન-ક્લાઈમેટ ચેન્જ વિભાગની સાથેસાથે વિવિધ સરકારી તેમજ પર્યાવરણ પ્રેમી સંસ્થાઓ- નાગરિકો સંયુક્ત ભાગીદારીથી કાર્ય કરી રહ્યા છે.આ કાર્યને આગળ વધારવા ‘પ્લાસ્ટિક મુક્ત ગામ’ થકી ક્લાઈમેન્ટ ચેન્જની અનોખી પહેલ શરૂ કરનાર રાજ્યની ત્રણ સરકારી પ્રાથમિક શાળાઓને તાજેતરમાં ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા ગાંધીનગર ખાતે વર્ષ ૨૦૨૫-૨૬નો રાજ્યકક્ષાનો ‘ક્લાઈમેટ ચેન્જ એવોર્ડ્સ’ એનાયત કરીને તેમની કામગીરીને બિરદાવવામાં પણ આવી છે. આ અવોર્ડની કુલ સાતમાંથી, ‘શૈક્ષણિક સંસ્થા’ શ્રેણી હેઠળ આવતી આ સરકારી પ્રાથમિક શાળાઓમાં ગાંધીનગર જિલ્લાની પાલજ અને અહમદપુર પ્રાથમિક શાળા તેમજ ખેડા જિલ્લાની સિંહુજકુમાર પ્રાથમિક શાળાનો સમાવેશ થાય છે. જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા આ શાળાઓને રાજ્ય સરકાર દ્વારા અનુક્રમે રૂ.૧ લાખ, ૭૫ હજાર અને ૫૦ હજારનું રોકડ ઈનામ આપી સન્માનિત કરવામાં આવી છે.

**સરકારી પ્રાથમિક શાળા, પાલજ :**

પ્લાસ્ટિક અંગે જાગૃતિ અને તેનો વપરાશ ઘટાડવાના પ્રયાસો બદલ શૈક્ષણિક સંસ્થા કેટેગરીમાં આ શાળાની ક્લાઈમેન્ટ ચેન્જ એવોર્ડ માટે પસંદગી કરી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ગામજનોના સહયોગથી પ્લાસ્ટિક રિસાયકલિંગની પહેલમાં સક્રિય ભૂમિકા ભજવી છે, જે પર્યાવરણની ટકાઉતાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. શાળા દ્વારા દર બુધવારે વિદ્યાર્થીઓ પાસેથી પ્લાસ્ટિકનો કચરો તેમના ઘરેથી મંગાવવામાં આવતો હતો, જે IIT-ગાંધીનગર ખાતે રિસાયકલ માટે અપાતા જેના બદલામાં, વિદ્યાર્થીઓને લેખનપેડ, કચરાપેટી અને ગ્રીન બેન્ચીસ આપવામાં આવે છે.

આ ઉપરાંત વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકામાં ૨૪૫ કિલો જેટલું પ્લાસ્ટિક એકત્ર કરીને જમા કરવામાં આવ્યું છે.

શાળા દ્વારા પાલજ ગામમાં પ્લાસ્ટિક પ્રદૂષણ અંગે જાગૃતિ લાવવા માટે રેલી, ચિત્ર સ્પર્ધા અને સફાઈ અભિયાનની સાથે શાળાએ કેમ્પસમાં પ્લાસ્ટિક લાવવાને લઈને કડક પ્રતિબંધ પણ લાગુ કર્યો છે. આ પ્રયાસોના ભાગરૂપે શાળાને "સ્વચ્છતા હી સેવા એવોર્ડ ૨૦૨૩–૨૪" પણ પ્રાપ્ત થયો છે.

**અહમદપુર પ્રાથમિક શાળા :**

પ્લાસ્ટિક મુક્ત હરિયાળા ગામ થકી ક્લાયમેટ ચેન્જ વિષય બદલ શૈક્ષણિક સંસ્થા કેટેગરીમાં આ શાળાની પસંદગી કરાઈ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત શાળાના બાળકોને શાળા તરફથી કેસર આંબાના ૨૫૦ રોપા આપવામાં આવ્યા હતા. જેમાંથી ૨૨૫ આંબા પર ફળ આવવા લાગ્યા છે. બાળકોનાં પ્રયત્નોથી પ્રત્યેક વર્ષે ‘‘એક બાળ, એક ઝાડ’’ સંકલ્પથી શાળાએ નવા ૮૦૦ જેટલા વૃક્ષ ઉછેર્યા છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ ગામમાંથી જૂના કપડાં એકત્રિત કરી અને તેનો ઉપયોગ કરીને ગ્રામજનો, શાળાના બાળકો અને ગામના સ્થાનિક દરજીની મદદથી ૩૫૦થી વધુ કપડાની થેલીઓ બનાવી, દરેક ઘરમાં અને દુકાનમાં વિતરણ કર્યું છે.

આમ છેલ્લા પાંચ વર્ષમાં ૭૫૦થી વધુ કાપડની થેલીઓ ગામજનોને આપીને પ્લાસ્ટિક મુક્ત ગામની સંકલ્પનાને સાકાર કરવામાં આવી છે. વધુમાં દર વર્ષે ૧૦૦ કિલો કરતાં વધુ બિનજરૂરી પતંગદોરીને બાળવાને બદલે, તેનો ઉપયોગ ખુરશીમાં બેસવાની ગાદી કે તકીયા બનાવવામાં થાય છે. આ વસ્તુઓ શાળાઓ અને જાહેર સંસ્થાઓમાં વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. ઉત્તરાયણ ઉપર ૨૦,૦૦૦થી વધુ પતંગો વૃક્ષોના બીજ સાથે ઉડાડીને આ વિસ્તારને વૃક્ષોથી હરિયાળો બનાવવા નવતર પહેલ હાથ ધરી છે.

**સિંહુજકુમાર શાળા :**

નરેન્દ્રગીરી બી. ગોસ્વામી-સિંહુજકુમાર શાળાની ‘ગ્રીન સ્કૂલ- કેચ ધ રેઈન’ના વિષય માટેની શૈક્ષણિક કેટેગરીમાં પસંદગી કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત શિક્ષક શ્રી નરેન્દ્રગીરી બી. ગોસ્વામી દ્વારા વિદ્યાર્થીઓના નેતૃત્વ હેઠળ પર્યાવરણ ટીમો દ્વારા ઓડિટ અને જાગૃતિ કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના "Catch the Rain" અભિયાનને અનુસરીને દર વર્ષે અંદાજે પાંચ લાખ લિટર પાણી બચાવવામાં આવે છે.

તેમના દ્વારા વિદ્યાર્થીઓના જીવનમાં પરિવર્તન લાવીને પ્લાસ્ટિક પેકેજિંગનો ઉપયોગ સંપૂર્ણપણે દૂર કરવામાં આવ્યો છે. ગામમાં નવીનીકરણીય ઊર્જા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. શાળાની પ્રવૃત્તિઓ હેઠળ જૈવિક ખેતી અને ખાતપાચન (composting)ને એકીકૃત કરવામાં આવે છે. આ શાળાએ સમગ્ર જિલ્લાની ૩૦૦થી વધુ શાળાઓ અને ૯,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને વિવિધ હકારાત્મક પ્રવૃત્તિઓ દ્વારા પર્યાવરણ બચાવવાની પ્રેરણા આપી છે.

- જનક દેસાઈ

---

## ભાવનગર રેલવે મંડળના કર્મચારીઓએ મુસાફરનો ભૂલથી છૂટી ગયેલો લેપટોપ સુરક્ષિત રીતે પરત આપ્યો



પશ્ચિમ રેલવે, ભાવનગર મંડળના કર્મચારીઓ પોતાના સન્માનિત મુસાફરોની સહાય માટે સદૈવ તત્પર રહે છે. આ પ્રતિબદ્ધતાનું એક ઉત્તમ ઉદાહરણ વેરાવળ સ્ટેશન પર જોવા મળ્યું, જ્યાં એક મુસાફરનો લેપટોપ ધરાવતો બેગ ભૂલથી રહી ગયો હતો, જેને રેલવે કર્મચારીઓએ ઈમાનદારી અને જવાબદારીપૂર્વક સુરક્ષિત રાખી મુસાફરને પરત આપ્યો હતો.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે લગભગ એક અઠવાડિયા પહેલા વેરાવળ સ્ટેશન પર એક લાવારિસ બેગ એક રેલવે કર્મચારીને મળી આવી હતી. કર્મચારી દ્વારા સતર્કતા દાખવી બેગને સ્ટેશન સુપરિન્ટેન્ડન્ટના કાર્યાલયમાં જમા કરાવવામાં આવી. તપાસ દરમિયાન બેગમાં લેપટોપ મળ્યો. વધુ તપાસ કરતા તેમાં એક સંપર્ક નંબર મળ્યો, જેમાં સંપર્ક કરતાં મુસાફરે પોતાની ભૂલ સ્વીકારી અને રેલવે પ્રશાસનનો આભાર વ્યક્ત કર્યો.

મુસાફર, જે રાજસ્થાનના રહેવાસી છે, તેમણે પરત ફરતી વખતે બેગ મેળવવાની વિનંતી કરી અને રેલવેને તે સુરક્ષિત રાખવા વિનંતી કરી. મુસાફરની સુવિધાને ધ્યાનમાં રાખીને બેગને સ્ટેશન પર સુરક્ષિત રીતે રાખવામાં આવ્યો. તા. ૨૮ ઓક્ટોબર, ૨૦૨૫ (મંગળવાર)ના રોજ સંબંધિત મુસાફર વેરાવળ સ્ટેશન પર પહોંચ્યા બાદ જરૂરી ચકાસણી અને પૂછપરછ પછી લેપટોપ ધરાવતો બેગ તેમને પરત આપવામાં આવ્યો.

લેપટોપ સુરક્ષિત રીતે મેળવ્યા બાદ મુસાફરે રેલવે પ્રશાસન પ્રત્યે આભાર વ્યક્ત કર્યો અને સંબંધિત તમામ કર્મચારીઓનો આભાર માન્યો.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ આ સરાહનીય કાર્ય માટે સંબંધિત કર્મચારીઓને અભિનંદન આપ્યા અને જણાવ્યું કે આ કાર્ય ભારતીય રેલની ઈમાનદારી, જવાબદારી અને મુસાફર સેવા ભાવનાનું પ્રતિબિંબ છે.

---

## બ્રાહ્મણ સમાજનો બળાપોઃ મંત્રી મંડળમાં સ્થાન ન મળતા ગુજરાતના ભુદેવો નારાજઃ નવા જુની કરવાની જાહેરાત




પ્રતિનિધિ,ગાંધીનગર

ભુપેન્દ્ર સરકારના મંત્રી મંડળના રીશફલીંગ બાદ મંત્રી મંડળનુ કુલ કદ ૨૬ નુ થઈ ગયુ છે, દિવાળી પહેલા જ ગુજરાતમાં નવા મંત્રીઓ આવ્યા છે. ત્યારે સરકારના આ કેબિનેટ રીશફલીંગ થી એક સમાજ નારાજ છે. ગુજરાતના રાજકારણ અને રાજકીય પક્ષોમાં બ્રાહ્મણ સમાજની સતત અવગણનાને લઈને ભુદેવો નારાજ થયા છે અને હવે સરકાર સામે મોરચો માંડવાનુ નકકી કરી લીધુ છે. ગુજરાતના બ્રાહ્મણ સમાજે રાજકારણમાં થતી અવગણનાને પગલે બાંયો ચડાવી છે. રાજકોટમાં રાજકીય પક્ષોને મોટો મેસેજ આપવા માટે બ્રાહ્મણ સમાજ ડીસેમ્બર મહિનામાં મહાસંમેલન યોજવા જઈ રહ્યુ છે. રાજકીય પક્ષો દ્વારા વિવિધ પક્ષોમાં ખાસ કરીને વર્તમાન સત્તાધીશ ભાજપની અંદર બ્રાહ્મણ સમાજના આગેવાનોને સાઈડ લાઈન કરવામાં આવી રહ્યાનો આરોપ સમાજ દ્વારા કરાયો છે. વર્તમાન મંત્રી મંડળની અંદર પણ બાહોશ ભુદેવ નેતાઓને સાઈડ લાઈન કરવામાં આવ્યા છે. બ્રાહ્મણ સમાજના ઓછામાં ઓછા બે ધારાસભ્યોને મંત્રી મંડળમાં સામેલ કરવા જોઈએ તેવી માંગ સમાજ દ્વારા કરાઈ છે.

સૌરાષ્ટ્ર બ્રહ્મ સમાજના આગેવાન મીલનભાઈ શુકલએ મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે હાલ ગુજરાતમાં ૯૫ ટકા બ્રાહ્મણો ભાજપ સાથે જોડાયેલા છે. છતાં પણ અમને સ્થાન મળતુ નથી, ચુંટણી આવે છે પણ અમને અન્યાય થઈ રહ્યો છે તેવી લાગણી છે, રાજયમાં ૭૦ લાખની વસ્તી ધરાવતો સમાજ આજે અવગણના ભોગવે છે. અમે રાષ્ટ્રવાદી છીએ એટલે અન્ય પક્ષમાં જવાને બદલે નોટા અપનાવી શકીએ, સંમેલન વિશે માહિતી આપતા બ્રહ્મ સમાજના આગેવાનોએ કહ્યુ હતુ કે બ્રહ્મ સમાજની દરેક રાજકીય પક્ષો ઉપેક્ષા કરી રહ્યા છે. તેને કારણે ગામડા અને સંગઠનોનુ લાગણી દુભાઈ છે. આગામી સમયમાં ૭ ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ રાજકોટ ખાતે ગુજરાતનુ મહાસંમેલન કરવા જઈ રહ્યા છીએ. અમે તબકકાવાર સંમેલન કરીશુ, લોકશાહીમાં દરેક રાજકીય પક્ષો બ્રાહ્મણોની સતત અવગણના થઈ રહી છે.

રાજકીય પક્ષો મહત્વ આપે તે હેતુથી મહા સંમેલન કરવા જઈ રહ્યા છીએ. અમને જ્ઞાતિ કે જાતિ સામે વાંધો નથી પણ વારંવાર જાતિય સમીકરણનો સાચવીને મંત્રી મંડળ બનાવતા હોય તો બ્રાહ્મણ સમાજને ૬૫ થી ૭૦ લાખની વસતી છે, ઓછામાં ઓછા અમને બે મંત્રી મળવા જોઈતા હતા.

---

**આ ક્રૂરતાનો વીડિયો અપહરણકર્તાઓએ વોટ્સએપ દ્વારા પરિવારજનોને મોકલ્યો**

## ઈરાનમાં બંધક બનાવાયેલા ૪ ગુજરાતીઓ આખરે મુક્ત થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગેરકાયદે વિદેશ જવાની લાલચમાં વધુ એક ગંભીર કિસ્સો સામે આવ્યો છે, જેમાં ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના બાપુપુરા ગામના ચાર યુવકોને ઑસ્ટ્રેલિયા જવાના ચક્કરમાં ઈરાનના તહેરાન શહેરમાં બંધક બનાવવામાં આવ્યા હતા. જોકે, રાહતના સમાચાર એ છે કે લાંબી જહેમત અને ખંડણી ચૂકવ્યા બાદ આ ચારેય યુવકોને મુક્ત કરાવી દેવામાં આવ્યા છે અને તેઓ ભારત આવવા રવાના થઈ ચૂક્યા છે.

બાપુપુરા ગામના પ્રિયા ચૌહાણ, અજય ચૌધરી, અનિલ ચૌધરી અને નિખિલ ચૌધરી ઑસ્ટ્રેલિયા જવા નીકળ્યા હતા. તેમને એમિરેટ્સ એરલાઈન્સ મારફતે દિલ્હીથી થાઈલેન્ડ લઈ જવાયા, ત્યાંથી વાયા દુબઈ થઈને ઈરાનના પાટનગર તહેરાન લઈ જવાયા હતા. તહેરાનના ખામેનીની ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી જ તેમને ટેક્સીમાં બેસાડી અજાણ્યા સ્થળે (હેલી નામની હોટેલ) લઈ જવામાં આવ્યા હતા. અપહરણકર્તાઓએ આ યુવકોને બંધક બનાવીને ભારે શારીરિક ત્રાસ આપ્યો હતો. તેમના વસ્ત્રો ઉતારીને, હાથ-પગ બાંધીને માર મારવામાં આવ્યો હતો અને પૈસાની સતત માંગણી કરવામાં આવતી હતી. આ ક્રૂરતાનો વીડિયો અપહરણકર્તાઓએ વોટ્સએપ દ્વારા પરિવારજનોને મોકલ્યો હતો, જેમાં યુવકો "હવે સહન થતું નથી" કહીને કરગરતા જોવા મળ્યા હતા. અપહરણકર્તાઓએ શરૂઆતમાં ૨ કરોડ રૂપિયાની ખંડણીની માંગણી કરી હતી.બાપુપુરાના સરપંચ પ્રકાશ ચૌધરીએ આપેલી માહિતી મુજબ, પરિવારોએ લાંબી વાટાઘાટો બાદ અંતે ૫૦ લાખ રૂપિયાની રકમ ચૂકવીને પોતાના સ્વજનોનો છૂટકારો કરાવ્યો છે. આ યુવકો હાલ ઈરાનથી ભારત આવવા માટે રવાના થઈ ચૂક્યા છે. આ સમગ્ર ગંભીર પ્રકરણને લઈને માણસાના ધારાસભ્ય જે. એસ. પટેલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખીને તાત્કાલિક મદદ માંગી હતી. સૂત્રોના મતે, આ કિસ્સો ફેક ટ્રાવેલ એજન્સીની છેતરપિંડીનું પરિણામ પણ હોઈ શકે છે.

---


**પશ્ચિમ રેલ્વે - અમદાવાદ**

**EPC-ટેન્ડર નોટિસ નં. DyCECIIADIJND-Re-D-EPC-R1**
**RE - જૂનાગઢ જંકશન રેલ્વે સ્ટેશનનો વિકાસ**

નાયબ મુખ્ય ઇજનેર (બાંધકામ) II, પશ્ચિમ રેલ્વે, અમદાવાદ, ભારતીય સંઘના પ્રમુખ વતી અને તેમના વતી, નીચેના કામ માટે ખુલ્લા ટેન્ડર આમંત્રિત કરે છે:

કામનું નામ અને સ્થાન: પશ્ચિમ રેલ્વેમાં ભાવનગર ડિવિઝનના જૂનાગઢ જંકશન રેલ્વે સ્ટેશનનો એન્જિનિયરિંગ, પ્રાપ્તિ અને બાંધકામ (EPC) [સિંગલ સ્ટેજ] મોડ પર પુનઃવિકાસ.

કામની અંદાજિત કિંમત: રૂ. 81,56,43,806.00 (રૂપિયા એક્યાસી કરોડ છપ્પન લાખ ત્રેતાળીસ હજાર આઠસો છ માત્ર)

ઓનલાઇન ગેટવે દ્વારા જમા કરાવવાના સૌથી ઓછા પૈસા: રૂ.40,78,300.00 (રૂપિયા ચાલીસ લાખ ઈઠ્યોતેર હજાર ત્રણસો માત્ર)

પૂર્ણતા સમયગાળો: 24 (ચોવીસ) મહિના

બિડ પહેલાની બેઠક: 31-10-2025 બપોરે 12:00 વાગ્યે.

બિડ રજૂ કરવાની તારીખ અને સમય ટેકનિકલ બિડ ખોલવાની તારીખ : સબમિશન 19-11-2025 બપોરે 15:00 કલાક સુધી.

ટેન્ડર ખોલવાની તારીખ: 19-11-2025 બપોરે 15:30 વાગ્યે.

ટેન્ડર બિડિંગ સિસ્ટમનો પ્રકાર: બે પેકેટ સિસ્ટમ. EPC (સિંગલ સ્ટેજ).

વેબસાઇટ વિગતો નોટિસ બોર્ડ સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું: નાયબ મુખ્ય ઇજનેર (બાંધકામ) II ની ઓફિસ, પશ્ચિમ રેલ્વે, બીજો માળ, નિર્માણ ભવન, ડીઆરએમની ઓફિસ પાસે, અસારવા, અમદાવાદ.

વેબસાઇટ: www.ireps.gov.in CPM 073

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


---

## ગુજરાતમાં અત્યંત ભારે વરસાદની આગાહીને ધ્યાને લઈને આપત્તિ વ્યવસ્થાપન રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહિડાએ SEOC, ગાંધીનગર ખાતે સમીક્ષા બેઠક યોજી

ભારતીય હવામાન વિભાગ દ્વારા તા. ૩૧ ઓક્ટોબર,૨૦૨૫ સુધી ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદની આગાહી કરી છે. આ આગાહીને ધ્યાને લઈને આપત્તિ વ્યવસ્થાપન રાજ્યમંત્રી શ્રી સંજયસિહ મહિડાએ ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) ખાતે સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી અને મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિ સહિતના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં અમરેલી, પોરબંદર, જૂનાગઢ, ગીર-સોમનાથ, ભાવનગર, ભરૂચ, નર્મદા, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી જિલ્લા કલેકટરશ્રી સહિતના વિવિધ ઉચ્ચ અધિકારીશ્રીઓ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતાં. આપત્તિ વ્યવસ્થાપન રાજ્યમંત્રી શ્રી સંજયસિહ મહિડાએ વરસાદની આગાહીને ધ્યાને રાખીને સંભવિત જોખમ ધરાવતા જિલ્લાના વહીવટી તંત્રને એલર્ટ રહેવા સૂચન કર્યું હતું તેમજ તંત્ર દ્વારા કરાયેલી તમામ આગોતરી તૈયારીઓની પણ તેમણે સમીક્ષા કરી હતી. આ ઉપરાંત રાજ્યમંત્રી શ્રી મહિડાએ પ્રવર્તમાન વરસાદની પરિસ્થિતિને ધ્યાને લઈ જિલ્લા વહીવટી તંત્રના તમામ અધિકારી-કર્મચારીઓને હેડક્વાર્ટર ખાતે ફરજ પર હાજર રાખવા સૂચના આપી હતી. સાથે જ, રાજ્યના વિવિધ સ્થળો ખાતે ડીપ્લોય કરાયેલી NDRF અને SDRF ટીમોની માહિતી મેળવીને રેડ એલર્ટવાળા જિલ્લાઓમાં જરૂર જણાયે વધુ ટીમ ડીપ્લોય કરવા તેમણે સૂચન કર્યું હતું.

આ બેઠક પૂર્ણ થયા બાદ શ્રી સંજયસિંહ મહિડાએ જીઈઝ ખાતે કાર્યરત કંટ્રોલરૂમની મુલાકત લઈને અધિકારીશ્રી અને કર્મચારીશ્રીઓને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

- પ્રિન્સ ચાવલા

# સાબરકાંઠા સહિત રાજયભરમાં ચુંટણીપંચ દ્વારા એસઆઈઆરની કામગીરીનો પ્રારંભ

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા સહિત રાજયભરમાં ચુંટણીપંચ દ્વારા આજે મંગળવાર થી મતદાર યાદીની સઘન પુનરાવર્તન (એસઆઈઆર) ની કામગીરી આરંભી દેવામાં આવી છે. જે તા. ૭ ફેબ્રુઆરીના રોજ પુર્ણ થતા આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરી દેવાશે.

આ દરમિયાન તા. ૪ નવેમ્બર થી ડોર ટુ ડોર મતદાર યાદીની કામગીરી થશે. જેમાં બીએલઓ (બુથ લેવલ ઓફીસર્સ) ઘરે ઘરે ફરીને મતદારો પાસે એન્યુમરેશન ફોર્મ ભરાવાશે. હિંમતનગર શહેર સહિત સમગ્ર જિલ્લાના મતદાન બુથ વિસ્તારમાં આ કામગીરી થશે ત્યારબાદ ૯ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ હંગામી મતદાર યાદી પ્રસિધ્ધ કરાશે. જેમાં તા. ૯/૧૨/૨૦૨૫ થી તા. ૮/૧/૨૦૨૬ સુધી સુધારા વધારા માટે દાવો કરી શકાશે, જયારે તા. ૩૧/૧/૨૦૨૬ સુધી જિલ્લા ચુંટણી અધિકારી તથા મુખ્ય ચુંટણી અધિકારી દાવાઓની સુનાવણી કરશે. આ સમગ્ર પ્રક્રિયા અંતે તા. ૭/૨/૨૦૨૬ ના રોજ આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે. અગાઉ થયેલ એસઆઈઆર ને અનુસંધાને તા. ૧/૧/૨૦૦૨ ને લાયકાત યોગ્ય ગણવામાં આવશે. ચુંટણીપંચ દ્વારા બે તબકકામાં કરવામાં આવશે. ૨૦૦૨-૨૦૦૪ માં યોજાયેલ આખરી એસઆઈઆર ની મતદાર યાદીમાં નાગરીકો તેમના નામ સહિતની વિગતો ચકાસી શકશે, નાગરીકતાના પુરાવા તરીકે ભારતીય પાસપોર્ટ અને જન્મના પ્રમાણપત્ર સહિતના વિવિધ ૧૨ દસ્તાવેજો માન્ય ગણાશે. મતદાર યાદીની ખાસ સઘન સુધારણાની આ પ્રક્રિયામાં મહિલાઓ, અશકત નાગરીકો, દિવ્યાંગો અને વડીલોને સુવિધા રહે તે હેતુથી એનસીસી જેવા સ્વયંસેવક જુથોની મદદ પણ લેવામાં આવશે.

આ તકે પ્રતિ બુથ ૧૨૦૦ મતદારોની પહેલની અમલવારીના ભાગરૂપે બુથ રેશનલાઈઝીંગ કરશે. એક પરીવારના તમામ સભ્યો એક જ બુથ પર મતદાન કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે. મતદાર યાદી ૧૦૩ ની દિવસની પ્રક્રિયામાં અપડેટ કરવામાં આવશે, નવા મતદારોના નામ ઉમેરવામાં આવશે અને મતદાર યાદીમાં જોવા મળતી ભુલો સુધારવામાં આવશે. ચુંટણીપંચ દ્વારા જે વિશેષ રીવીઝન અભિયાન હાથ ધરવામાં આવેલ છે તે બે તબકકામાં કરવામાં આવશે. રાજયમાં આ અંતર્ગત ૨૦૨૫ ની મતદાર યાદીને ૨૦૦૨ ની મતદાર યાદી સાથે તુલના કરી મતદારોને એ અથવા બી અને સી અથવા ડી અને ઈ અથવા એફ કેટેગરી એમ કુલ ૬ શ્રેણીમાં વર્ગીકૃત કરવામાં આવશે. કેટેગરી એ અને બી માં જે વ્યકિતનુ નામ ૨૦૨૫ ની મતદાર યાદીમાં છે અને એમનો જન્મ ૧/૭/૧૯૮૭ કે તે પહેલા છે એટલે કે જેમની ઉંમર ૩૮ વરસથી વધુ છે તે વ્યકિતનુ નામ ૨૦૦૨ ની મતદાર યાદીમાં પણ જોવામાં આવશે. જો તેમનુ નામ ૨૦૦૨ ની મતદાર યાદીમાં છે તો તે ક્રમાંકની નોંધણી કરી એ મતદારને એ કેટેગરીમાં મુકવામાં આવશે. અને જો તે વ્યકિતનુ નામ ૨૦૦૨ ની મતદાર યાદીમાં નહી હોય તો તેમને બી કેટેગરીમાં મુકવામાં આવશે.

કેટેગરી સી અને ડી જેમનો જન્મ ૨/૭/૧૯૮૭ થી ૨/૧૨/૨૦૦૪ વચ્ચે થયો છે એટલે કે જેમની ઉંમર ૨૨ થી ૩૮ વરસની છે તે વ્યકિતનુ નામ ૨૦૨૫ ની મતદાર યાદીમાં છે અને તેમના માતા અથવા પિતા બંનેમાંથી કોઈ એક નુ નામ ૨૦૦૨ ની મતદાર યાદીમાં છે તો તેમને કેટેગરી એ માં મુકવામાં આવશે અને જો તેમના માતા પિતા બંનેમાંથી એક નુ પણ નામ



૨૦૦૨ ની યાદીમાં નહી હોય તો તેમને બી કેટેગરીમાં મુકવામાં આવશે. કેટેગરી સી અને ડી ૨/૧૨/૨૦૦૪ પછી જન્મેલા મતદારો એટલે કે જેમની ઉંમર ૧૮ થી ૨૧ વરસની છે તેમના માતા અને પિતા બંનેમાં નામ ૨૦૦૨ ની યાદીમાં નહી હોય તો તેમને એફ કેટેગરીમાં મુકવામાં આવશે. ફેઝ-૨ માં મતદારો પાસેથી પુરાવા/દસ્તાવેજો માંગવામાં આવશે. જે કેટેગરીમાં મુકવામાં આવ્યા હશે તેમને કોઈ પુરાવા રજુ કરવાના રહેશે નહી. બી, સી અને ઈ કેટેગરીમાં મતદારને તેમનો પોતાનો એકનો જ પુરાવો આપવાનો રહેશે. ડી કેટેગરીમાં મતદાર ને તેમની સાથે તેમના માતા અથવા પિતાનો એમ કુલ બે પુરાવા આપવા પડશે. પ્રદિપ ખીમાણી એફ કેટેગરીમાં મતદારને તેમની સાથે તેમના માતા અને પિતા બંનેના એમ કુલ ૩ પુરાવા આપવા પડશે. પુરાવા આપનાર ના નામ જ મતદાર યાદીમાં રહેશે. પુરાવામાં (૧) કેન્દ્ર અથવા રાજય સરકાર દ્વારા જારી કરાયેલ પેન્શન ચુકવણી ઓર્ડર (૨) સરકાર અથવા સ્થાનિક સંસ્થા, બેંક, પોસ્ટ ઓફીસ, એલઆઈસી દ્વારા જારી કરાયેલ પ્રમાણપત્ર (૩) બર્થ સર્ટીફીકેટ (૪) પાસપોર્ટ (૫) એજયુકેશનલ સર્ટીફીકેટ (૬) પરમેનન્ટ રેસીડન્સ સર્ટીફીકેટ (૭) ફોરેસ્ટ રાઈટ સર્ટીફીકેટ (૮) જાતિ પ્રમાણપત્ર (૯) એનઆરસી (૧૦) રાજય અથવા સ્થાનિક સંસ્થા દ્વારા તૈયાર કરાયેલ કુટુંબ રજીસ્ટર (૧૧) જમીન કે મકાન ફાળવણી પ્રમાણપત્ર

# એમ.કે. દાસ બનશે ગુજરાતના મુખ્ય સચિવ: ૩૧ ઓકટોબરના રોજ સંભાળશે કાર્યભાળ

## હવે સંઘવીને નવા ગૃહ સચિવ મળશે : અનેક નવા-જુના મંત્રીઓના મુખ્ય સચિવો પણ બદલાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં મંત્રી મંડળ કક્ષાએ થયેલા મોટા ફેરફાર બાદ હવે વહિવટી તંત્રમાં પણ શરૂ કરાયેલા ફેરફારમાં રાજયના નવા મુખ્ય સચિવ તરીકે મનોજ કુમારદાસની નિયુકિત કરવામાં આવી છે. ૧૯૯૦ બેચના શ્રીદાસ હાલ મુખ્યમંત્રી કાર્યાલયમાં સી એમ ના એડીશનલ ચીફ સેક્રેટરી તરીકે ફરજ બજાવે છે. તેઓ હાલના મુખ્ય સચિવ શ્રી પંકજ જોશીનુ સ્થાન લેશે, શ્રી જોશીના ૩૧ ઓકટોબર ના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે તેઓને એકસટેન્શન મળશે તેવી ચર્ચા પર હવે પુર્ણવિરામ મુકાઈ ગયુ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ગુડબુકમાં રહેવા શ્રીજોશીને હવે નિવૃત્તિ બાદ રાજય સરકાર કોઈ મહત્વના સ્થાને ફરજ સોંપી શકે છે. શ્રીદાસ હવે મુખ્યસચિવ બનતા વહિવટી પ્રક્રિયા અને ખાસ કરીને મુખ્યમંત્રી કાર્યાલયમાં પણ મોટા ફેરફાર થશે.

શ્રી એમ કે દાસને નવા મુખ્યસચિવ બનાવવામાં હાલના એડીશનલ ચીફ સેક્રેટરી- સામાન્ય વહિવટ વિભાગમાં ફરજ બજાવતા સુનયના તોમરની સીનીયોરીટીને



ધ્યાનમાં લેવાઈ નથી. સુશ્રી તોમરને તેમના જુનીયર હેઠળ કામ કરવુ પડે નહી તેની ગાંધીનગર બહાર કોઈ મોટા નિગમમાં જવાબદારી સોંપાઈ શકે છે. સુનયના તોમર આગામી મહિનામાં જ નિવૃત્ત થઈ રહ્યા હોવાથી તેઓની સીનીયોરીટીને ધ્યાનમાં લેવાઈ નથી. એમ કે દાસ અગાઉ રૂપાણી સરકાર સમયે મુખ્યમંત્રીના સીએમઓ માં એડીશનલ ચીફ સેક્રેટરી તરીકે કામ કરી ગયા હતા. અને ભુપેન્દ્ર પટેલ સરકારની પ્રથમ ટર્મમાં તેઓને સીએમઓ માં થી વિદાય અપાઈ પણ બાદમાં ૩ વરસમાં જ તેઓની ક્ષમતા જોતા ફરી સીએમઓમાં લેવાયા હતા અને ગૃહવિભાગ મુખ્યમંત્રી સંભાળતા હતા. તે સમયે દાસ ગૃહસચિવની જવાબદારી પણ સંભાળતા હતા. હવે કેબિનેટમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પુર્ણકક્ષાના કેબિનેટ મંત્રી અને ગૃહ વિભાગનો પણ હવાલો તેમની પાસે છે. તેથી દાસના સ્થાને નવા ગૃહસચિવ પણ આવશે. દાસની ગણના જુનીયર કે કૈલાસનાથન તરીકે થાય છે. કે. કૈલાસનાથન ૧૮ વરસ સુધી સીએમઓમાં રહ્યા હતા અને દાસે તેમની સાથે પણ કામ કર્યુ છે. તો બીજી તરફ ભુપેન્દ્ર પટેલ સરકારના મંત્રી મંડળમાં થયેલા ફેરફાર સાથે નવા મંત્રીઓ આવ્યા છે. જુના મંત્રીઓમાં જેઓએ સ્થાન ટકાવી રાખ્યુ છે તેમના ખાતા પણ બદલાયા છે અને તેથી હવે તે તમામ મંત્રાલયોમાં સચિવ કક્ષાએ પણ ફેરફાર થશે અને તેમાં દાસની ભુમિકા મહત્વની બની જશે તો સાથે હવે જિલ્લા કક્ષાએ પણ કલેકટરો, મ્યુનીસીપલ કમિશ્નરો અને ડીડીઓ સ્તરે કેટલાક ફેરફાર નિશ્ચિત માનવામાં આવી રહ્યા છે જે આગામી નવેમ્બર મહિનામાં થશે.

# આજે મુખ્યમંત્રી કેબિનેટની બેઠક બાદ ખેડુતોને માવઠાથી થયેલ નુકશાનીના સહાયની કરશે જાહેરાતઃ મંત્રીઓના રીપોર્ટના આધારે સહાયની જાહેરાત કરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં કમોસમી વરસાદ (માવઠા) થી થયેલા પાક નુકશાન અંગે ખેડુતોને આજે બુધવારે મુખ્યમંત્રી કેબિનેટની બેઠક બાદ સહાય પેકેજની જાહેરાત કરી શકે છે. કમોસમી વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સુચનાથી જે પાંચ થી વધુ મંત્રીઓને મોકલવામાં આવ્યા હતા તેમણે ખેતીના પાકને થયેલા નુકશાનીનો સ્વીકાર કર્યો છે. આ મંત્રીઓ દ્વારા મંગળવારે મોડી સાંજે વિગતવાર રીપોર્ટ સરકારમાં સોંપ્યો છે. જેને લઈ મુખ્યમંત્રી દ્વારા આજે કેબિનેટની બેઠક બાદ નુકશાનીના સહાયની જાહેરાત કરવામાં આવશે.



અસરગ્રસ્ત જિલ્લાઓની મુલાકાત લેનાર મંત્રીઓમાં કૃષિ મંત્રી જીતુ વાઘાણી, મંત્રી કૌશિક વેકરીયા, મંત્રી અર્જુન મોઢવાડીયા, મંત્રી ડો. પ્રદ્યુમન વાજા, મંત્રી નરેશ પટેલ અને મંત્રી જયરામ ગામીતનો સમાવેશ થાય છે. મંત્રીઓના આ રીપોર્ટના આધારે આજે સરકાર ખેડુતોને વળતર આપતા સહાય પેકેજની સત્તાવાર જાહેરાત કરશે. જેનાથી લાખો ખેડુતોને મોટી રાહત મળવાની આશા છે. સમગ્ર રાજયમાં પડેલા કમોસમી વરસાદ (માવઠા) ને કારણે ખેતીના પાકને ભારે નુકશાન થયુ છે. ત્યારે રાજય સરકારે તાત્કાલીક પગલા લેતાં સીનીયર મંત્રીઓ અને અધિકારીઓની ટીમને અસરગ્રસ્ત જિલ્લાઓમાં નિરીક્ષણ માટે દોડાવી હતી.

અમરેલી જિલ્લામાં ઉર્જા મંત્રી કૌશિક વેકરીયાએ સાવરકુંડલાના જાબાળ, ઘનશ્યામનગર સહિતના ગ્રામ્ય પંથકમાં મગફળી અને કપાસના પાકનુ જાત નિરીક્ષણ કર્યુ હતું. તેમની સાથે સાંસદ ભરત સુતરીયા, જે વી કાકડીયા અને જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી પણ જોડાયા હતા. તો બીજી તરફ ભાવનગર જિલ્લામાં કૃષિ મંત્રી જીતુ વાઘાણી એ પોતાના જિલ્લા ભાવનગરની મુલાકાત લીધી હતી અને મહુવા, તળાજા અને સિહોર પંથકના પ્રભાવિત ગામોમાં જઈને સ્થિતિનો તાગ મેળવ્યો હતો. તો બીજી તરફ મંત્રી નરેશ પટેલ અને મંત્રી જયરામ ગામીતે સોનગઢ તાલુકાના ટોકરવા ગામે ડાંગરના પાકમાં નુકશાન અંગે નિરીક્ષણ કર્યુ હતું. વાલોડના ધારાસભ્ય મોહન ઢોડીયાએ પણ મુખ્યમંત્રીને પત્ર લખી સહાયની માંગ કરી છે.

તો બીજી તરફ વનમંત્રી અર્જુન મોઢવાડીયા અને ડો. પ્રદ્યુમન વાજાએ જિલ્લાની મુલાકાત લીધી હતી. તો બીજી તરફ સુરેન્દ્રનગર જિલ્લાના ખેડુતોને ચિંતા છે કે વર્ષ ૨૦૨૪ ની સહાય હજુ સુધી મળી નથી ત્યારે આ વખતની સહાય કયારે જાહેર થશે અને કયારે મળશે ?

# સાબરકાંઠા જિલ્લાના તલોદ નજીક ચાલુ કારમાં આગ લાગતા કાર સળગી ઉઠીઃ સદનસીબે કોઈ જાનહાની નહી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના તલોદ નજીક અમદાવાદ મોડાસા હાઈવે પર એક મોટી દુર્ઘટના થતા થતા બચી ગઈ હતી. આ ઘટના તલોદ નજીક આવેલા રોઝડ ગામ પાસે બની હતી. હાઈવે પરથી પસાર થઈ રહેલી એક કારમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. કાર માં આગ લાગતાની સાથે જ ધુમાડાના ગોટેગોટા આકાશમાં છવાઈ ગયા હતા. આ દ્રશ્ય જોઈને આજુબાજુના ખેતરમાં કામ કરતા લોકો અને હાઈવે પર અવર જવર કરી રહેલા લોકોમાં ગભરામણનો માહોલ ફેલાયો હતો. જેના પગલે આજુબાજુના લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ ઘટનામાં સૌથી રાહતની વાત એ છે કે કારમાં સવાર લોકો સમયસર બહાર નિકળી ગયા હતા. જેના કારણે



કોઈ જાનહાનિ થઈ ન હતી અને એક મોટો અકસ્માત ટળી ગયો હતો. જો કે આગ એટલી વિકરાળ હતી કે કાર જોત જોતામાં સંપૂર્ણપણે બળી ને ખાખ થઈ ગઈ હતી. સદનસીબે કોઈ જાનહાની ન થતા સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો. આગ લાગવાનુ ચોકકસ કારણ હજુ સુધી જાણી શકાયુ નથી. પરંતુ પ્રાથમિક અનુમાન મુજબ શોર્ટસર્કીટના કારણે આગ લાગી હોવાની શકયતા છે. ચાલુ કારમાં આગ લાગવાની આ ઘટનાને પગલે અમદાવાદ-મોડાસા હાઈવે પર ટ્રાફીકજામની સ્થિતિ સર્જાઈ હતી. આગની ઘટના અને લોકોની ભીડના કારણે હાઈવે પર વાહન વ્યવહાર થોડા સમય માટે ખોરવાઈ ગયો હતો. જો કે સ્થાનિક લોકોની મદદ અને તંત્રની કામગીરીથી પરીસ્થિતી નિયંત્રણમાં આવી હતી.

# ખોડલધામમાં કોંગ્રેસના નેતાઓનુ ધ્વજા રોહણઃ નરેશ પટેલે કર્યુ સ્વાગતઃ સ્થાનિક સ્વરાજય ચુંટણી પ્રચારના કર્યા શ્રીગણેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ખોડલધામ ખાતે આજે મંગળવારે પ્રદેશ કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિક, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, કોંગ્રેસ નેતા તુષાર ચૌધરી, સાંસદ ગેનીબેન ઠાકોર, સહિતના કોંગી નેતાઓએ મા ખોડીયારને શીશ નમાવી ધ્વજા રોહણ કર્યા બાદ સ્થાનિક સ્વરાજયની ચુંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા હતા. આ સાથે રાજયવ્યાપી કાર્યક્રમોની પણ જાહેરાત કરી હતી.

કોંગ્રેસની પ્રદેશ નેતાગીરી સાથે ખોડલધામના ટ્રસ્ટી અને લેઉઆ પાટીદાર સમાજના મોભી નરેશ પટેલ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા. તાજેતરમાં મહાનગર, નગરપાલિકાની સ્થાનિક સ્વરાજની ચુંટણીઓ આવી રહી છે ત્યારે કોંગ્રેસે પાટીદાર સમાજને બાજુમાં રાખી ચુંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ગઈ કાલે સોમવારે કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિક, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ પ્રેસ કોન્ફરન્સ યોજયા બાદ સાંજે જન આક્રોશ સભાનુ આયોજન કર્યુ હતું. જેમાં માવઠાથી ખેડુતોને થયેલા નુકશાનનુ તાકીદે વળતર ચુકવવા તેમજ ટીઆરપી ગેમ ઝોનના પીડીતોને ન્યાય આપવા સહિતના મુદ્દે સરકાર વિરૂધ્ધ આકરા પ્રહારો કર્યા હતા.

બાદમાં આજે સવારે મંગળવારે પાટીદાર સમાજના આસ્થાનુ કેન્દ્ર ખોડલધામ ખાતે પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, પ્રભારી મુકુલ વાસનિક, વિધાનસભા કોંગ્રેસના નેતા તુષાર ચૌધરીએ ખોડીયાર માતાજીને શીશ ઝુકાવ્યુ હતુ અને ધ્વજારોહણ કર્યુ હતું.

બાદમાં પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આગામી સ્થાનિક સ્વરાજય



ચુંટણી અંગેની તૈયારી સહિતની બાબતે ચર્ચા કરી હતી. આ પ્રસંગે લેઉઆ પાટીદાર અગ્રણી નરેશ પટેલ સાથે રહ્યા હતા અને કોંગ્રેસ નેતાઓનુ સ્વાગત કર્યુ હતું. નરેશ પટેલ કોંગ્રેસના નેતાઓ સાથે રહેતા અનેક ચર્ચાએ જોર પકડયુ છે. આ પ્રસંગે પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણી, જેનીબેન ઠુમ્મર, પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશ સહિતના કોંગ્રેસના નેતાઓ હાજર રહ્યા હતા.

# સરકારની તમામ કામગીરીમાં ડીઝીટલ સિગ્નેચર ધરાવતા જન્મ-મરણના પ્રમાણપત્રો માન્ય ગણાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

સરકારના પોર્ટલ દ્વારા જન્મ અને મરણના પ્રમાણપત્રો મળી રહ્યા છે. આ પ્રમાણપત્રો માં ડીઝીટલ સિગ્નેચરનો સમાવેશ થાય છે. આથી સરકારે જાહેર જનતાને જાણ કરી છે કે ગુજરાત રાજયમાં કાર્યરત તમામ સરકારી, અર્ધસરકારી અને અન્ય કચેરીઓએ ડીઝીટલ સિગ્નેચર




ધરાવતા જન્મ-મરણના પ્રમાણપત્રને સરકારની તમામ પ્રકારની કાર્યવાહી માટે માન્ય પુરાવા તરીકે ફરજીયાત સ્વીકાર કરવો પડશે.

કેન્દ્ર સરકારના સીઆરએસ પોર્ટલ માં જન્મના તેમજ મરણના પ્રમાણપત્ર પર જન્મ મરણની નોંધણી કરનાર રજીસ્ટ્રાર-સબ રજીસ્ટ્રાર ની ડીઝીટલ સિગ્નેચર સાથેના પ્રમાણપત્ર નાગરીકોને ઈ-મેઈલ આઈડી પર મોકલવામાં આવે છે.

આ ઉપરાંત નાગરીકો રજીસ્ટ્રાર-સબ રજીસ્ટ્રાર પાસેથી પણ આ પ્રમાણપત્ર મેળવી શકશે.

# ગુજરાતમાં પ્રજાના પૈસે પક્ષ-સરકારનુ માર્કેટીંગ? સાદગીને વરેલા સરદાર પટેલની જન્મ જયંતિની ભવ્ય ઉજવણી થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

દેશમાં ચુંટણીઓનો માહોલ છે અને આગામી ચુંટણીઓની પણ તૈયારીઓ થઈ રહી છે ત્યારે રાજકીય પક્ષો દ્વારા પ્રચાર પ્રસાર વચ્ચે જોરદાર માર્કેટીંગ થઈ રહ્યુ છે ત્યારે ગુજરાતમાં ભાજપ સરકાર દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આગામી તા. ૩૧ મી ઓકટોબર ના રોજ યોજાનારા કાર્યક્રમે સૌનુ ધ્યાન ખેંચ્યુ છે.

અખંડ ભારતના શિલ્પી એવા આદરણીય સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મ જયંતિ અવસરે દિલ્હીમાં જે રીતે પ્રજાસત્તાક દિવસ પરેડ યોજાય છે તે જ પેટર્ન પર એકતાનગરમાં ભવ્ય પરેડનુ આયોજન કરવામાં આવ્યુ છે. વડાપ્રધાન મોદીજીને ગાર્ડ ઓફ ઓર્નર અપાશે, વિવિધ રાજયોના ટેબલો રજુ થશે, ટુંકમાં ખુબ જ ભવ્યાતિભવ્ય કાર્યક્રમો યોજાનાર છે. જેમાં ધોમ ખર્ચો થવાનો છે. ત્યારે સામાન્ય નાગરીકને સ્વભાવિક સવાલ થાય છે કે શું આ બધુ જરૂરી




છે ? સરકારી તાયફા અને ઉત્સવો પાછળ ધુમ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. તે કયાં જઈ અટકશે ? સરદાર પટેલ તો ખુબ જ સાદગી થી જીવન જીવ્યા હતા ત્યારે આ વિરોધાભાસ અહીં જોવા મળી રહ્યો હોવાનુ બુધ્ધિજીવી વર્ગ માં ચર્ચાઈ રહ્યુ છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં સંસદમાં રજુ થયેલા રીપોર્ટ મુજબ વર્ષ ૨૦૨૪-૨૫ માં ગુજરાતનુ દેવુ વધીને ૪.૯૦ લાખ કરોડે પહોચ્યુ છે. વિકાસનુ નામ આગળ ધરી સરકારી તાયફા અને ઉત્સવો પાછળ ધુમ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં જ ગુજરાતનુ દેવુ રૂપીયા ૩.૬૦ લાખ કરોડ હતુ. જે વર્ષ ૨૦૨૪-૨૫ માં વધીને રૂપીયા ૪.૯૦ લાખ કરોડ સુધી પહોચ્યુ છે. આ જોતા ગુજરાતના દેવામાં રૂપીયા ૧.૩૦ લાખ કરોડનો મોટો વધારો થયો છે. છતાં નેતાઓ સુધરતા નથી અને તાયફાઓ પાછળ સરકારનો ધુમ ખર્ચ થઈ રહ્યો છે. ટુંકમાં પ્રજાલક્ષી યોજના કરતા સરકારી તાયફા અને ઉત્સવો પાછળ ધુમ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. સરકારને જાહેર દેવુ વધે છતાંય જરાય પડી નથી, જો આવા ખોટા ખર્ચ કરવાનુ ટાળ્યુ હોત તો કદાચ જાહેર દેવુ ઓછુ હોત, પણ અત્યારે પ્રજાના પરસેવાના પૈસે પક્ષ-સરકારનુ માર્કેટીંગ કરવામાં આવી રહ્યુ હોવાનુ લોકોમાં ચર્ચાઈ રહ્યુ છે.

# વોટ ચોરીથી સત્તા પર આવેલી સરકારની કોંગ્રેસના કાર્યકરો ડોર ટુ ડોર જઈ પોલ ખોલશે : મુકુલ વાસનિક

## કોંગ્રેસની જનઆક્રોશ સભામાં જન મેદની ઉમટીઃ કોંગ્રેસના રાષ્ટ્રીય અને પ્રદેશ નેતાઓ દ્વારા ભાજપ પર આકરા પ્રહારો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત કોંગ્રેસ દ્વારા આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પ્રચારના શ્રીગણેશ રાજકોટ થી કરવામાં આવ્યા છે. ૩ દાયકા કરતા વધુ સમયથી સત્તાથી વંચિત રહેલી કોંગ્રેસે આગામી ચુંટણી માટે કાર્યકરો અને આગેવાનોને પાનો ચડાવવા કવાયત શરૂ કરી છે. પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડા અને પ્રભારી મુકુલ વાસનિક આજે મંગળવારે રાજકોટની મુલાકાતે આવી પહોચ્યા હતા. જયાં સાંજે નાગરબોડીંગ ખાતે જન આક્રોશ સંમેલનનો પ્રારંભ થયો હતો. આ સંમેલનમાં તુષાર ચૌધરી સહિતના અગ્રણી નેતાઓ



ઉપસ્થિત રહ્યા હતા. આ સભાનો મુખ્ય ઉદ્દેશ ખેડુતોને તાકીદે સહાય આપવાની માંગણી ઉઠાવવાનો અને રાજકોટમાં કાયદો અને વ્યવસ્થાની કથળેલી પરીસ્થિતિ અંગે પ્રહાર કરવાનો હતો. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ તેમના સંબોધનમાં જણાવ્યુ હતુ કે રાજકોટ શહેરમાં જે પ્રજાની તકલીફો અને પ્રશ્નો છે તેને વાચા આપવા માટે જનઆક્રોશ સભાનુ આયોજન કરવામાં આવ્યુ છે. તેમણે ભારપૂર્વક કહ્યુ હતુ કે ખેડુતોને ન્યાય મળતો નથી અને અગાઉ પાક વિમા તથા ટેકાના ભાવે ખરીદી માટે પણ લડતો કરવી પડી છે. હાલમાં માવઠાથી મુશ્કેલી પડી રહી છે. ત્યારે કિસાનોને તાકીદે સહાય સરકારે જાહેર કરવી જોઈએ. તેમણે રાજય સરકાર પર ખેડુતોને સતત અન્યાય કરવાનો આક્ષેપ કર્યો હતો.

કોંગ્રેસે સંકલ્પ લીધો છે કે આવનાર દિવસોમાં એક એક ઘરમાં જઈને મતદાર યાદીની ચકાસણી કરવામાં આવશે. લોકો સાથે સંવાદ કરવામાં આવશે અને તેમના પ્રશ્નોને લઈને લડાઈ લડવામાં આવશે. અમિત ચાવડાએ તેમના સંબોધનમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે સવાલ ઉઠાવ્યો કે તેમણે આગાહી કરી કે બિહારની ચુંટણી પછી મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તબિયત ખરાબ હોવાનુ બહાનુ આપીને રાજીનામુ આપી દેશે. કોંગ્રેસે આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણી પ્રચારનો પ્રારંભ સૌરાષ્ટ્રના પાટીદારોના ગઢ ખોડલધામ થી કરવાનો નિર્ણય લીધો છે. જન આક્રોશ સભા બાદ તા. ૨૮ ના રોજ પ્રભારી મુકુલ વાસનિક, અમિત ચાવડા સહિતના આગેવાનો ખોડલધામ પહોચી ત્યાં માતા ખોડીયારના ચરણોમાં ધ્વજા ચડાવી શીશ ઝુકાવશે અને લેઉઆ પાટીદાર આગેવાનોને મળશે. તેને લઈ આજે ખોડલધામ જઈ ચુંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા હતા.